Tuesday
03.11.2026
✳Volume :11 ✳ Issue No.122
✳Email.: kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત વંદે માતરમ્

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક Daily

KAMALAM

RNI No.:GUJGUJ/2016/73451

✳Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે જીવન જ્યોત ચેરિટેબલ ટ્રસ્ટ, પાટણ સંચાલિત પી.બી. પાટણ જનતા કેન્સર હોસ્પિટલનો શુભારંભ

કમલમ્,પાટણ

પાટણખાતે અદ્યતન જનતા કેન્સરહોસ્પિટલ'ના ઉદ્ઘાટનપ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલઉપસ્થિત રહીને હોસ્પિટલના નિર્માણમાં યોગદાન આપનાર દાતાઓ અને ટ્રસ્ટીશ્રીઓની સેવાભાવનાને બિરદાવી હતી. આ પ્રસંગે મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કેપાટણઉત્તર ગુજરાતમાં આરોગ્ય સારવારનું એક મોટું સેન્ટર છે. અત્યાર સુધી અહીં કેન્સરની વિશિષ્ટ સારવાર સુવિધાનો અભાવ હતો,જે આ હોસ્પિટલના પ્રારંભથી દૂર થયો છે. હવે પાટણ અને આસપાસના વિસ્તારના નાગરિકોને કેન્સરની ઉત્તમ સારવાર ઘરઆંગણે જ મળી રહેશે. મુખ્યમંત્રીશ્રીએ પોતાના સંબોધનમાં બદલાતી જીવનશૈલી અને તેનાથી થતા રોગોપ્રત્યે ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે વડીલોની કહેવત "ચાદર હોય એટલા પગ લંબાવવા" નો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે, આજના ભૌતિકતાવાદી યુગમાં માનસિક તણાવ, ડાયાબિટીસ અને બ્લડ પ્રેશર જેવા રોગો વધી રહ્યા છે. તેના કારણે લોકોમાં વ્યસન અને નબળા ખોરાકનું પ્રમાણ પણ વધે છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશમાં 'નશા મુક્ત ભારત' અને હોલિસ્ટિક હેલ્થકેન્સો જેવિચાર આપ્યો છે,તેને અપનાવીને આપણે સંતુલિત જીવનશૈલી, દૈનિક યોગ અને આહાર-વિહાર સુધારીને રોગોથી દૂર રહેવું જોઈએ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશના કરોડો લોકોને ગરીબી રેખામાંથી બહાર લાવવાનું ઐતિહાસિક કાર્ય થયું છે. કેન્દ્ર અને રાજ્ય સરકારની તમામ યોજનાઓમાં ગરીબ, સામાન્યઅને વંચિત માનવીને કેન્દ્રસ્થાને રાખવામાં આવ્યા છે, જેથી દરેક વર્ગને આરોગ્ય અને સામાજિક સુરક્ષા મળી રહે. આરોગ્યની સાથે પર્યાવરણ અને કુદરતી સંસાધનોના જતનની જરૂરિયાત દર્શાવતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે,સ્વચ્છતા ને આપણા સ્વભાવ અને દૈનિક જીવનનો ભાગ બનાવવી પડશે. 'ડેય ધ રેન' અભિયાન અંતર્ગત વરસાદી પાણીના ટીપે-ટીપાનો સંગ્રહ કરવો અથવા તેને જમીનમાં ઉતારવા સૌએ સક્રિય પ્રયાસો કરવા જોઈએ. ગ્લોબલ વોર્મિંગ સામે લડવા અને ગ્રીન કવર વધારવા માટે વડાપ્રધાનશ્રીએ આપેલા 'એક પેડ મા કે નામ' અભિયાનમાં જોડાઈને વધુમાં વધુ વૃક્ષો વાવવા અપીલ કરી હતી મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારતને 'વિકસિત ભારત' બનાવવાનો વડાપ્રધાનશ્રીનો સંકલ્પ છે. આ સંકલ્પ ત્યારે જ સાકાર થશે જ્યારે દેશના નાગરિકોનું સ્વાસ્થ્ય ઉત્તમ હશે. સારું સ્વાસ્થ્ય એ દરેક ક્ષેત્રમાં પ્રગતિનો પાયો છે. સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી ડાપ્રમોદભાઈ પટેલે જણાવ્યું હતું કે પાટણની જીવન જ્યોત ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત જનતા હોસ્પિટલે આરોગ્ય ક્ષેત્રે સીમાચિહ્ન રૂપ સિદ્ધિઓ હાંસલ કરી છે. અત્યાર સુધીમાં આ હોસ્પિટલ દ્વારા ૧૫ લાખથી વધુ ઓપીડી અને, ૧.૫૦ લાખથી વધુ આઈપીડીની સારવાર તથા ૧ લાખથી વધુ સફળ ઓપરેશનો કરવામાં આવ્યા છે.આ ઉપરાંત, ૧.૫૦ લાખથી વધુસીટી સ્કેન, ૫૦ હજારથી વધુ એમઆરઆઈ, ૧૫ હજારથી વધુ એન્જિયોગ્રાફી અને ૨ હજારથી વધુ એન્જિયોપ્લાસ્ટી જેવી અત્યાધુનિક સેવાઓ અહીં ઉપલબ્ધ કરાવવામાં આવી છે. ઉત્તર ગુજરાતમાં અગાઉ ઉપલબ્ધ નહતી તેવી ડાયાલિસિસ, આઈસીયુ, કેથ લેબ અને ન્યુરોસર્જરી જેવી અને કવિધ આધુનિકસુવિધાઓ પૂરી પાડવામાં જનતા હોસ્પિટલ હંમેશા મોખરે રહી છે. દાતાશ્રીઓના ઉદાર સહયોગ અને અવિરત પ્રવાહથી હવે હોસ્પિટલ દ્વારા અત્યાધુનિક કેન્સર જનતા હોસ્પિટલનો પ્રારંભકરવામાં આવી રહ્યો છે. જેમાં અંદાજે ૨૨ કરોડના ખર્ચે રેડિયોથેરાપી માટેનું લિનિયર્સ LinearAccelerator મશીન વસાવવામાં આવ્યું છે.સાથે જ, ઉત્તર ગુજરાતમાં ક્યાંય ઉપલબ્ધ ન હોય અને અમદાવાદ જવું પડતું હોય તેવું પેટ સ્કેન (PETScan) પરીક્ષણ કરાવવામાં આવશે તેમજ આયુષ્માન કાર્ડધારકો માટે આ ટેસ્ટ તદ્દન નિઃશુલ્ક કરવામાં આવશે. એટલુંજ નહીં, ઉત્તર ગુજરાતમાંજુ સુધી ઉપલબ્ધ ન હોય તેવી સુપર સ્પેશિયાલિટી સેવાઓ જેવી કે બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ, કિડની ટ્રાન્સપ્લાન્ટ, રોબોટિક સર્જરી અને કાર્ડિયાક સર્જરીની સુવિધાઓ પણ આગામી સમયમાં જનતા હોસ્પિટલના કેમ્પસમાં જ શરૂ કરવા માટે ટ્રસ્ટીગણ અને દાતાશ્રીઓ સંપૂર્ણપણે કટિબદ્ધ છે. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રી સહિત મહાનુભાવોના હસ્તે દાતાશ્રીઓ ના સન્માન સમારોહ યોજાયો હતો જીવન જ્યોત ચેરિટેબલ ટ્રસ્ટ, પાટણ સંચાલિત પી.બી. પાટણ જનતા કેન્સર હોસ્પિટલનું ઉદ્ઘાટન પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ ભાવિકપટેલ ,સાંસદ શ્રી ભરતસિંહ ડાભી, સાંસદ બાબુભાઈ દેસાઈ, ધારાસભ્ય સર્વ શ્રી બલવંતસિંહ રાજપુત લવિંગજી ઠાકોર,કિરીટ પટેલ, જિલ્લા કલેક્ટર ડા પ્રશાંત જાલોવા, જિલ્લા પોલીસ અધીક્ષક વી કે નાયી,વિશ્વ ગુજરાતી સમાજના ભાવેશ લાખાણી, એપીએમસી ચેરમેનસ્નેહલ પટેલ,અગ્રણી કેસી પટેલ, સંસ્થા ના પ્રમુખ મનસુખ પટેલ, મુખ્ય દાતા વિનોદભાઈ ઝવેરી, કેન્સર હોસ્પિટલના દાતાશ્રીઓ, ટ્રસ્ટીશ્રીઓ તેમજ પ્રબુદ્ધનાગરિકોઉપસ્થિત રહ્યા હતા.



એમ્સ રાજકોટમાં અત્યાધુનિક રેડિયોથેરાપી સુવિધાનું ઉદ્ઘાટન

સૌરાષ્ટ્રના કેન્સરના દર્દીઓને હવે ઘરઆંગણે મળશે અદ્યતન સારવાર

કેન્દ્રીય આરોગ્ય મંત્રી શ્રી જગત પ્રકાશ નડ્ડાના હસ્તે ઓનલાઇન માધ્યમથી સુવિધાનો શુભારંભ

ગુજરાતના આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજ્ય મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરિયા ગાંધીનગરથી વીડિયો કોન્ફરન્સના માધ્યમથી જોડાયા



ગ્રામીણ, અર્ધશહેરી અને આર્થિક રીતે નબળા પરિવારોના દર્દીઓને મળશે મોટી રાહત : શ્રી પ્રફુલભાઈ પાનશેરિયા

કમલમ્,ગાંધીનગર,

ગુજરાતના અને ખાસ કરીને સૌરાષ્ટ્ર વિસ્તારના કેન્સરના દર્દીઓને અત્યાધુનિક સારવાર સુવિધા ઉપલબ્ધ કરાવવાની દિશામાં આજે વધુ એક મહત્ત્વપૂર્ણ સિદ્ધિ પ્રાપ્તથઈ છે. રાજકોટ સ્થિત અખિલ ભારતીય આયુર્વિજ્ઞાન સંસ્થા (એમ્સ) ખાતે અત્યાધુનિક રેડિયોથેરાપી સુવિધાનો ઉદ્ઘાટન સમારોહ યોજાયો હતો. ભારત સરકારના કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ તથા રસાયણ અને ખાતર મંત્રી શ્રી જગત પ્રકાશ નડ્ડાના હસ્તે ઓનલાઈન માધ્યમથી આ સુવિધાનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

ભારત સરકારના આશરે રૂ. ૭૯ કરોડના રોકાણથી વિકસાવવામાં આવેલી આ સુવિધા સૌરાષ્ટ્ર સહિત આસપાસના જિલ્લાઓના કેન્સરના દર્દીઓ માટે અદ્યતન અને ગુણવત્તાયુક્ત સારવારની નવી આશા લઈને આવી છે. આ કાર્યક્રમમાં ગાંધીનગરથી વીડિયો કોન્ફરન્સના માધ્યમથી જોડાયેલા ગુજરાત સરકારના આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ વિભાગના રાજ્ય મંત્રી (સ્વતંત્ર હવાલો) શ્રી પ્રફુલભાઈ પાનશેરિયાએ સંબોધન કરતાં જણાવ્યું હતું કે, એમ્સ રાજકોટ ખાતે અત્યાધુનિક રેડિયોથેરાપી સુવિધાની શરૂઆત રાજકોટ, સૌરાષ્ટ્ર અને સમગ્ર ગુજરાત માટે મહત્ત્વપૂર્ણ દિવસ છે. આ સુવિધા કેન્દ્ર અને રાજ્ય સરકારની અદ્યતન, સુલભ, સસ્તી અને દર્દીલક્ષી આરોગ્ય સેવાઓ પૂરી પાડવાની સહિયારી પ્રતિબદ્ધતાનું પ્રતીક છે. તેમણે જણાવ્યું હતું કે, કેન્સર માત્ર દર્દીને જ નહીં, પરંતુ સમગ્ર પરિવારને અસર કરે છે.

સારવાર અને ફોલોઅપ માટે લાંબા અંતરની મુસાફરી કરવી પડતી હોવાથી દર્દીઓ અને તેમના પરિવારો પર આર્થિક તથા માનસિક બોજ વધે છે. એમ્સ રાજકોટ ખાતે આ સુવિધા ઉપલબ્ધ થવાથી સૌરાષ્ટ્ર અને આસપાસના જિલ્લાઓના દર્દીઓ, ખાસ કરીને ગ્રામીણ, અર્ધશહેરી અને આર્થિક રીતે નબળા પરિવારોને મોટી રાહત મળશે. ભારત સરકારના આશરે રૂ. ૭૯ કરોડના રોકાણથી વિકસાવવામાં આવેલી આ સુવિધામાં અત્યાધુનિક હાઈ એનર્જી લીનિયર એક્સિલરેટર, વાઈડ-બોર સીટી સિમ્યુલેટર અને બ્રેકીથેરાપી જેવી આધુનિક સારવાર પદ્ધતિઓ વધુ યોગ્યરીતે અને સુરક્ષા સાથે ઉપલબ્ધ બનશે. શ્રી પાનશેરિયાએ જણાવ્યું કે આ સુવિધાથી માથા અને ગળાના કેન્સર, સ્ત્રીરોગ સંબંધિત કેન્સર, સ્તન કેન્સર સહિતના વિવિધ પ્રકારના કેન્સરની અદ્યતન સારવાર સૌરાષ્ટ્રના દર્દીઓને નજીકમાં જ મળી શકશે. આયુષ્માન ભારત–પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાનો ઉલ્લેખ કરતાં શ્રી પાનશેરિયાએ જણાવ્યું હતું કે, પાત્રતા ધરાવતા દર્દીઓને આ યોજના અંતર્ગત મળતી આર્થિક સહાય અત્યંત મહત્ત્વપૂર્ણછે. આર્થિક મુશ્કેલીના કારણે કોઈ પણ પરિવાર જરૂરી કેન્સર સારવારથી વંચિત ન રહે તે સુનિશ્ચિત કરવું સરકારની પ્રાથમિકતા છે.તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાત સરકાર આરોગ્યલક્ષી માળખાકીય સુવિધાઓ, પ્રશિક્ષિત માનવબળ, વહેલું નિદાન, મજબૂત રેફરલ વ્યવસ્થા અને કેન્સર અંગેની જનજાગૃતિ વધારવા પ્રતિબદ્ધ છે. એમ્સ રાજકોટે સારવારની સાથે તબીબી શિક્ષણ, તાલીમ, સંશોધન અને જાહેર આરોગ્ય ક્ષેત્રો પણ મહત્ત્વપૂર્ણ યોગદાન આપશે. અંતમાં શ્રી પાનશેરિયાએ આ સુવિધા સાકાર કરવા બદલ ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય, એમ્સ રાજકોટના નેતૃત્વ, રેડિયેશન ઓંકોલોજી વિભાગ તથા તમામ તબીબી, ટેક્નિકલ અને વહીવટી ટીમને અભિનંદન પાઠવ્યાં હતાં. કેન્દ્રીય આરોગ્ય મંત્રી શ્રી જગત પ્રકાશ નડ્ડાના નેતૃત્વ અને સહયોગ બદલ આભાર વ્યક્ત કરતાં તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આ અદ્યતન સુવિધા હજારો કેન્સરગ્રસ્ત દર્દીઓ અને તેમના પરિવારોના જીવનમાં નવી આશાનો સંચાર કરશે. આ પ્રસંગે લોકસભાના સાંસદ શ્રી પરષોત્તમભાઈ રૂપાલા, રાજ્યસભાના સાંસદ શ્રી કેસરીદેવસિંહ ઝાલા, ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયનાં સચિવ સુશ્રી પુણ્ય સલિલા શ્રીવાસ્તવ (IAS), એમ્સ રાજકોટના અધ્યક્ષ પ્રો. ડા. જે. એસ. તિતિયાલ તથા એમ્સ રાજકોટના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર અને મુખ્ય કાર્યકારી અધિકારી પ્રો. ડા. એલ. એન. દોરાઈરાજન સહિત ના મહાનુભાવો, ફેકલ્ટી સભ્યો, તબીબો, આરોગ્યકર્મીઓ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગરમા શ્રી દિલીપભાઈ સંઘાણીનો અભિવાદન અને સન્માન સમારોહ યોજાયો

વિશ્વના ૧૦૮ દેશોનું પ્રતિનિધિત્વ કરતી સંસ્થા ICAના ડાયરેક્ટર પદે ઇફ્કો ચેરમેન શ્રી દિલીપભાઈ સંઘાણી બહુમતીથી વિજેતા







શ્રી દિલીપભાઈની આ સફળતા તમામ ગુજરાતીઓ માટે ગૌરવની ક્ષણ સમાન છે : મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ

કમલમ્,

ભારતીય સહકાર ચળવળના અગ્રણી અને ઈફ્કો (IFFCO)ના ચેરમેન શ્રી દિલીપભાઈ સંઘાણી પનામા ખાતે યોજાયેલી ચૂંટણીમાં વિશ્વના ૧૦૮ દેશોનું પ્રતિનિધિત્વ કરતી પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય સહકારી સંસ્થા 'ઇન્ટરનેશનલ કોઓપરેટિવ એલાયન્સ' (ICA)ના ડાયરેક્ટર પદે ભારે બહુમતીથી ચૂંટાઈ આવ્યા છે. વૈશ્વિક ફલકપર ભારત અને ગુજરાતનું ગૌરવ વધારતી આ ઐતિહાસિક સિદ્ધિ બદલ અડાલજ ખાતે માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં તેમનો ભવ્ય અભિવાદન અને સન્માન સમારોહ યોજાયો હતો. આ ગૌરવપૂર્ણ પ્રસંગે, સંબોધન કરતા માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીના સબળ નેતૃત્વમાં વૈશ્વિક સ્તરે નિર્માણ પામેલા અનુકૂળ વાતાવરણના પરિણામે જ આજે ભારતીય નેતૃત્વને આંતરરાષ્ટ્રીય મંચ પર આવી ઐતિહાસિક સફળતાઓ મળી રહી છે. તેમણે વર્ષ ૧૯૭૮થી ૨૦૨૬ સુધીની શ્રી દિલીપભાઈ સંઘાણીની પાંચ દાયકા લાંબી સમાજ અને સહકાર ક્ષેત્રની સમર્પિત સેવાયાત્રાને બિરદાવી હતી. વધુમાં, તેમના ૪૨ સભ્યોના સંયુક્ત પરિવારની 'વસુધૈવ કુટુંબકમ્'ની પ્રાચીન ભારતીય ભાવનાની પ્રશંસા કરતા મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, છેલ્લા ચાર વર્ષમાં ઇફ્કો (IFFCO) દ્વારા નોંધાવવા માં આવેલી અભૂતપૂર્વ પ્રગતિ અને સફળતાએ શ્રી દિલીપભાઈની કાર્યકુશળતા અને ઉત્કૃષ્ટ વહીવટી ક્ષમતાનું પ્રત્યક્ષ પરિણામ છે અને તમામ ગુજરાતીઓ માટે ગૌરવની ક્ષણ છે. આ ભવ્ય સમારોહમાં રાજકીય, સહકારી અને વ્યાપારિક ક્ષેત્રના અનેક દિગ્ગજ મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા, જેમાં ગુજકોટના સાંસદ શ્રી પરસોત્તમભાઈ રૂપાલા, અગ્રણી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, પૂર્વ કે.સી.એમ. અને અક્ષરપુણી ધામના પ્રમુખ શ્રી નરહરીભાઈ અમીન, પૂર્વ મંત્રી શ્રી વલ્લભભાઈ કાકડીયા તેમજ અગ્રણી શ્રી પ્રશાંત કોરાટ વિશેષરૂપે ઉપસ્થિત રહ્યા હતા. તેમજ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (GCCI), અમદાવાદ બિલ્ડર એસોસિએશન (ABA), સમસ્ત પાટીદાર સમાજ અને 'ધ ડાયસ્ટફ્સ એસોસિએશન' સહિત વિવિધ સહકારી અને સામાજિક સંસ્થાઓના અગ્રણીઓ તેમજ મહાનુભાવો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને શ્રી દિલીપભાઈ સંઘાણીને આંતરરાષ્ટ્રીય સ્તરે મળેલી આ ભવ્ય સફળતા બદલ હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી.

ઐતિહાસિક સફળતા નિમિત્તે માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં ભવ્ય અભિવાદન સમારોહ યોજાયો

તંત્રી સ્થાનેથી.....

કર્મચારી પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઈઝેશન (EPFO) એ ડૉ. આંબેડકર ઈન્ટરનેશનલ સેન્ટર, નવી દિલ્હી ખાતે તેનો ૭૪મો સ્થાપના દિવસ ઉજવ્યો, જે એક વૈધાનિક પ્રોવિડન્ટ ફંડ સંસ્થા માંથી ભારતની અગ્રણી સામાજિક સુરક્ષા સંસ્થાઓમાંની એકબનવા સુધીની તેની યાત્રાને ચિહ્નિત કરે છે, જેમા ટેકનોલોજી-સક્ષમ સેવા વિતરણ, શાસનમાં ક્રુણા અને લાખો કામદારો તથા પેન્શનરોના કલ્યાણ પ્રત્યે નવીનીકૃત બદ્ધતા સાથે આ ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીની અધ્યક્ષતા કેન્દ્રીય શ્રમ અને રોજગાર તથા યુવા બાબતો અને રમતગમત મંત્રી અને સેન્ટ્રલ બોર્ડ ઓફ ટ્રસ્ટીઝ (EPF) ના અધ્યક્ષ ડૉ. મનસુખ માંડવિયાએ કરી હતી. શ્રમ અને રોજગાર મંત્રાલયના સચિવ શ્રી વંદ્ર ભૂષણ કુમાર અને સેન્ટ્રલ પ્રોવિડન્ટ ફંડ કમિશનર શ્રી સ્મેશ કુણ્ણામૂર્તિ, સેન્ટ્રલ બોર્ડ ઓફ ટ્રસ્ટીઝના સભ્યો, કામદારો, એમ્પ્લોયરો અને અન્ય હિતધારકોએ પણ આ પ્રસંગે હાજરી આપી હતી. સભાને સંબોધતા કેન્દ્રીય શ્રમ અનેરોજગાર તથા યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ હાઈલાઈટ કર્યું કે તેની ૭૪ વર્ષની યાત્રા દરમિયાન, ઈપીએફઓ દેશના કાર્યબળ માટે એક વિશ્વસનીય સંસ્થા તરીકે ઉભરી આવ્યું છે. તેમણે નોંધ્યું હતું કે સંસ્થામાં મૂકવામાં આવેલો વિશ્વાસ ૮ ક્રોડથી વધુ સભ્યોના યોગદાન દ્વારા એકત્રિત કરવામાં આવેલા ૩૨ લાખ કરોડના કોર્પસમાં પ્રતિબિંબિત થાય છે, જે ઈપીએફઓ કર્યબળના સમર્પણ, સખત પરિશ્રમ અને પ્રતિબદ્ધતા દ્વારા શક્ય બન્યું છે. સામાજિક સુરક્ષા માનવ સંવેદનશીલતા દ્વારા સંચાલિત હોવી જોઈએ તેનાપર ભાર મૂકતા ડૉ. માંડવિયાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે કામદારોની દરેક ચિંતા અને ફરિયાદનો ઉકેલ કરુણા અને સંવેદનાનુભૂતિ સાથે લાવવા જોઈએ, દરેક કામદારને રાષ્ટ્ર નિર્માતા તરીકે તેઓ જે સન્માન અને ગરિમાના હકદાર છે તે દ્રષ્ટિએ જોવા જોઈએ. CITES 2,01 જેવા તકનીકી પરિવર્તનો પાછળના અથાક પ્રયાસોની પ્રશંસા કરતા, તેમણે દરેક અધિકારીને અંતિમ માઈલ સુધી કામદારના કલ્યાણ પર ધ્યાન કેન્દ્રિત કરવા આહ્વાન કર્યું હતું તેમણે અધિકારીઓને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા વ્યક્ત કરાયેલા 'પંચ પ્રાણ' માંથી પ્રેરણા લેવા વિનંતી કરી હતી. "સેવા એ જ આપણો સંસ્કાર છે," ડૉ. માંડવિયાએ રેખાંકિત કર્યું, અને વિકસિત ભારતના લક્ષ્યને પૂર્ણ કરવા તરફ યોગદાન આપવા માટે સૌને પ્રોત્સાહિત ક્યાં. કેન્દ્રીય મંત્રીએ અધિકારીઓને ઈપીએફઓના ૭૫મા વર્ષ તરફ આગળ વધતી વખતે વિવિધ ક્ષેત્રોમાં ક્રમશઃ-કેન્દ્રી નવીનતાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવા, બદલાતા સમય સાથે અનુકૂલન સાધવા, સ્થિતિસ્થાપકતા કેળવવા અને પ્રક્રિયાઓ નિષ્કલંક સાવવા વિનંતી કરી હતી. તેમણે દિવાળીની શુભેચ્છાઓ પણ પાઠવી હતી અને તમામ ઈપીએફઓ અધિકારીઓ, સંભ્યો અને લાભાર્થીઓના જીવનમાં સફળતા અને સમૃદ્ધિ ના પ્રકાશની કામના કરી હતી.

રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે અમદાવાદમાં 'ફિટ ઈન્ડિયા – સન્ડેઝ ઓન સાયકલ'ની ૯૭મી આવૃત્તિનું આયોજન; ૫૦૦થી વધુ લોકોએ ઉત્સાહભેર ભાગ લીધો

કમલમ્,અમદાવાદ

ભારતીય રમતગમત પ્રાધિકરણ (SAI), પ્રાદેશિક કેન્દ્ર ગાંધીનગર દ્વારા ફિટ ઈન્ડિયા મૂવમેન્ટ અને MYBharat ના સહયોગથી ૧ નવેમ્બર ૨૦૨૬ના રોજ અમદાવાદના વીર સાવરકર સ્મારક્સ કોમ્પ્લેક્સ ખાતે 'ફિટ ઈન્ડિયા – સન્ડેઝ ઓન સાયકલ'ની ૯૭મી આવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું.

રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીના ભાગરૂપે યોજાયેલા આ કાર્યક્રમનો ઉદેશ રાષ્ટ્રીય એકતા, શારીરિક તંદુરસ્તી, શિસ્ત અને પર્યાવરણ સંરક્ષણ અંગે જાગૃતિ કેલાવવાનો હતો. આ કાર્યક્રમમાં ૫૦૦થી વધુ લોકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં ગુજરાતની વિવિધ NCC બટાલિયનો અને એકમોના કેડેટ્સ તથા જવાનો, સાઈકલિંગના શોખીનો અને નાગરિકો સામેલ થયા હતા. આ પહેલ દ્વારા સક્રિય જીવનશૈલી અપનાવવા, સામૂહિક સહભાગિતાને પ્રોત્સાહન આપવા અને સ્વસ્થ તથા સશક્ત રાષ્ટ્રના નિર્માણમાં દરેક નાગરિકની જવાબદારીને ઉજાગર કરવામાં આવી હતી. આ પ્રસંગે સુશ્રી સાહિલા સૈયન, સહાયક નિયામક, SAI પ્રાદેશિક કેન્દ્ર ગાંધીનગર ઉપસ્થિત રહ્યા હતાં. કાર્યક્રમમાં ૩૭ ગુજરાત બટાલિયન NCC, ૧ ગુજરાત આર્મ્ડ બેટરી NCC, ૯ ગુજરાત બટાલિયન NCC, 2 CTC, 1 નેવલ NCC, 2 એર સ્ક્વોડ્રન NCC, 1 ગુજરાત ગર્લ્સ બટાલિયન NCC, 1 ગુજરાત બોયઝ બટાલિયન NCC, 2 ગુજરાત કંપની ગાંધીનગર તથા ૨ ઈન્ડિપેન્ડન્ટ NCC ગાંધીનગરના કેડેટ્સ અને જવાનોએ સક્રિય ભાગ લીધો હતો. તેમની સહભાગિતાએ દેશભક્તિ, શિસ્ત, ટીમવર્ક અને રાષ્ટ્રીય એકતાની ભાવનાને વધુ મજબૂત બનાવી હતી. કાર્યક્રમ દરમિયાન વિવિધ NCC એકમોના અધિકારીઓ અને જવાનોને તેમની સક્રિય ભાગીદારી અને યોગદાન બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા. સન્માનિત બનારાઓમાં ૩૭ ગુજરાત બટાલિયન NCC ના સુબેદાર ઈન્દ્રજીત; ૧ ગુજરાત NCC આર્ટિલરીના નાયબ સુબેદાર અશોક ચવ્હાણ અને સુબેદાર કુલદીપ; ૧ ગુજરાત ગર્લ્સ બટાલિયન NCC ના સુબેદાર મોટુ, હવાલદાર રઘુભાઈ અને નાયક રંજનેશ કુમાર; ૯ ગુજરાત બટાલિયન NCC ના હવાલદાર બિરેન્દ્ર સિંહ; ૧ નેવલ NCC ના શિશુપાલ સિંહ; ૧ ગુજરાત ઝઝના એમ. બી. રાવ; ૧ ગુજરાત બટાલિયન NCC ના હવાલદાર મોહન સિંહ અને હવાલદાર અકરમ; તેમજ ૨ ઈન્ડિપેન્ડન્ટ ઢઝા ગાંધીનગરના હવાલદાર જયેશ કુમાર, નિકિતા (GCA) અને હવાલદાર વિપુલના સમાવેશ થાય છે. આ સન્માન દ્વારા ફિટનેસ, શિસ્ત, રાષ્ટ્રીય એકતા અને સામાજિક સહભાગિતાને પ્રોત્સાહન આપવામાં તેમના યોગદાનની પ્રશંસા કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત ઉત્સાહભર્યા ઝુમ્બા સેશનથી કરવામાં આવી હતી. ત્યારબાદ ચેસ, ફૂસબોલ, લુડો, બેડમિન્ટન, વોલીબોલ સહિતની વિવિધ મનોરંજક અને રમતગમતની પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવૃત્તિઓ દ્વારા સહભાગીઓને ફિટનેસની સાથે મનોરંજન, પરસ્પર સંવાદ અને સામૂહિક સહભાગિતા નો અવસર મળ્યો હતો. ફિટ ઈન્ડિયા મૂવમેન્ટની સતત પહેલના ભાગરૂપે કાર્યક્રમ ઝળે વિશેષ 'ફિટ ઈન્ડિયા ગેમ્સ ઝોન' પણ બનાવવામાં આવ્યું હતું, જ્યાં સહભાગીઓએ પરંપરાગત ભારતીય રમતો માં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ પહેલનો ઉદેશ લોકોને ભારતની સમૃદ્ધ રમતગમતની વિરાસત સાથે ફરીથી જોડવાનો તેમજ શારીરિક સક્રિયતા, ટીમવર્ક, સંકલન અને સ્વસ્થ સ્પર્ધાત્મક ભાવનાને પ્રોત્સાહન આપવાનો હતો. કાર્યક્રમ દરમિયાન BRICS સસ્ટેનેબલ લાઈફસ્ટાઈલ પ્રિન્સિપ્લિંગ અંગેપણ જાગૃતિ ફેલાવવામાં આવી હતી. તેમાં સિંગલ-યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળવો, સ્વસ્થ જીવનશૈલી અપનાવવી, ઊર્જાની બચત કરવી, સ્થાનિક અને ટકાઉ ઉત્પાદનોને પ્રોત્સાહન આપવું, કચરો ઘટાડવો અને જવાબદારીપૂર્વક રિસાયકલિંગ કરવું જેવા સંદેશાઓ આપવામાં આવ્યા હતા. સાઈકલિંગ, મનોરંજક રમતો, પરંપરાગત ભારતીય રમતો, ઢઝાની સહભાગિતા અને પર્યાવરણ જાગૃતિને એક મંચ પર લાવીને આ કાર્યક્રમ દ્વારા સ્વસ્થ, સ્વરછ અને ટકાઉ ભારતના નિર્માણમાં વ્યક્તિગત તથા સામૂહિક પ્રયાસો નું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે ફિટ ઈન્ડિયા મૂવમેન્ટના લોકપ્રિય સંદેશ 'ફિટનેસ કા ડોઝ, આધા ઘંટા રોજ''ને પુનરાવર્તિત કરવામાં આવ્યો હતો અને નાગરિકોને દરરોજ ઓછામાં ઓછા ૩૦ મિનિટ શારીરિક પ્રવૃત્તિ માટે કાળવવા તથા ફિટનેસને પોતાની દૈનિક જીવનશૈલીનો અભિન્ન ભાગ બનાવવા પ્રેરિત કરવામાં આવ્યા હતા. લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલના રાષ્ટ્રીય એકતા અને સામૂહિક પ્રયાસના આદર્શોથી પ્રેરિત આ કાર્યક્રમ દ્વારા ફિટનેસ, પર્યાવરણ જાગૃતિ અને જવાબદાર નાગરિકત્વના મહત્વને ઉજાગર કરવામાં આવ્યું હતું.



SAI પ્રાદેશિક કેન્દ્ર ગાંધીનગર દ્વારા ઢઝાની વિવિધ બટાલિયનો અને એકમોના સહયોગથી ફિટનેસ, રાષ્ટ્રીય એકતા, પરંપરાગત રમતો અને પર્યાવરણ સંરક્ષણનો સંદેશ

વલસાડ જિલ્લા ભાજપ બક્ષીપંચ મોરચાની કારોબારી બેઠક યોજાઈ

નીલભાઈ રાવ અને પ્રકાશભાઈ મોદીની ઉપસ્થિતિમાં સંગઠનાત્મક કામગીરી અંગે ચર્ચા



કમલમ્,

રાજ્યસભાના સાંસદ અને ગુજરાત પ્રદેશ બક્ષીપંચ મોરચાના અધ્યક્ષ શ્રી માનસિંહ પરમારજીના માર્ગદર્શન હેઠળ શ્રી કમલમ, વલસાડ જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે વલસાડ જિલ્લા ભાજપ બક્ષીપંચ મોરચાની કારોબારી બેઠક યોજાઈ હતી. આ બેઠક પ્રદેશ બક્ષીપંચ મોરચાના ઉપાધ્યક્ષ તથા દક્ષિણ ઝોન પ્રભારી શ્રી નીલભાઈ રાવ અને જિલ્લા પ્રભારી શ્રી પ્રકાશભાઈ મોદીની વિશેષ ઉપસ્થિતિમાં યોજાઈ હતી. બેઠકમાં જિલ્લા બક્ષીપંચ મોરચાની સંગઠનાત્મક ક્રમગીરી, આગામી પ્રવર્તમો અને પક્ષના સંગઠનને વધુ મજબૂત બનાવવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ પ્રસંગે જિલ્લા બક્ષીપંચ મોરચાના પ્રમુખ શ્રી નિલેશભાઈ ભંડારી, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી હેતલબેન પટેલ, વલસાડના ધારાસભ્ય શ્રી ભરતભાઈ પટેલ, પ્રદેશ મંત્રી, શ્રી ચેતનભાઈ પ્રજાપતિ, જિલ્લા સંગઠન મહામંત્રી શ્રી કમલેશભાઈ ભંડારી, પ્રભારી શ્રીમતી પુષ્પાબેન પારડીવાલા, મહામંત્રી શ્રી આનંદભાઈ પટેલ અને શ્રી ગ્રેવિનભાઈ ટેલ્લ સહિત મોરચાના હોદેદારો અને કાર્યકર્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન સંગઠનને વધુ સશક્ત બનાવવા અને બક્ષીપંચ સમાજના લોકો સુધી સરકારની જનકલ્યાણકારી યોજનાઓનો લાભ પહોંચા ડવા માટે કાર્યકરોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

હિંમતનગર સર્કિટહાઉસ ખાતે સાબરકાંઠા જિલ્લા બક્ષીપંચ મોરચાની કારોબારી બેઠક યોજાઈ



કમલમ્, ઈકબાલ મેમણ

હિંમતનગર સર્કિટ હાઉસ ખાતે જિલ્લા બક્ષીપંચ મોરચાના પ્રમુખ શ્રી રાજુભાઈ પંગાલના અધ્યક્ષસ્થાને જિલ્લા કારોબારી બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં પ્રદેશ બક્ષીપંચ મોરચાના મંત્રી તથા જિલ્લા પ્રભારી શ્રી દિનેશભાઈ ઠેસાણી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા અને ઉપસ્થિત કાર્યકરોને સંગઠનને વધુ મજબૂત બનાવવા અંગે માર્ગદર્શન આપ્યું હતું. બેઠકમાં સાંસદ શ્રીમતી શોભનાબેન બારૈયા, ધારાસભ્ય શ્રી વિજેન્દ્રસિંહ ઝાલા, પૂર્વ ધારાસભ્ય શ્રી મહેન્દ્રસિંહ બારૈયા, પ્રદેશ બક્ષીપંચ મોરચાના મંત્રી શ્રી વિજયભાઈ પણઝારા, પ્રદેશ અનુસૂચિત જાતિ મોરચાના ઉપાધ્યક્ષ શ્રી ભગવાનદાસ પરમાર સહિત ભાજપના અગ્રણીઓ અને હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત જિલ્લા ભાજપ મહામંત્રી શ્રી પ્રેમલભાઈ દેસાઈ, શ્રી બિપીનભાઈ ઓઝા, શ્રી ગણપતસિંહ ઝાલા, જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ શ્રી દીવાનજી ઠાકોર, જિલ્લા બક્ષીપંચ મોરચાના મહામંત્રી શ્રી દાદુસિંહ ઝાલા તથા શ્રી કાંતિજી ઠાકોર સહિત જિલ્લાના વિવિધ હોદેદારો, તાલુકા અને શહેર મંડળના પ્રમુખો તથા કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.બેઠક દરમિયાન કેન્દ્ર અને રાજ્ય સરકારની જનકલ્યાણકારી યોજનાઓની માહિતી છેવાડાના લાભાર્થીઓ સુધી પહોંચા ડવા અંગે વિશેષ ચર્ચા કરવામાં આવી હતી. સમાજના શૈક્ષણિક, સામાજિક અને આર્થિક ઉત્થાન સાથે યુવાનોને શિક્ષણ અને રોજગારીની વધુ તકો ઉપલબ્ધ કરાવવા અંગે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સંગઠનને વધુ મજબૂત બનાવવા, કાર્યકરો વચ્ચે સંકલન વધારવા, જનસંપર્કનેવિસ્તૃત કરવા તથા પક્ષની નીતિઓ અને યોજનાઓને જનજન સુધી પહોંચા ડવા અંગે વિવિધ મહત્વપૂર્ણ મુદ્દાઓ પર હકારાત્મક ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. બેઠકના અંતે સૌએ સંગઠનના વિકાસ, સમાજના ઉત્થાન અને જનસેવાના કાર્યને વધુ વેગવંતુ બનાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

ભાવનગર ખાતે કેન્દ્રીય રાજ્યમંત્રી શ્રીમતી નિમુબેન બાંભણીયાના અધ્યક્ષસ્થાને 'શૌર્ય સંવાદ' કાર્યક્રમ યોજાયો

'ભાવનગરના ઇતિહાસમાં આજનો દિવસ સુવર્ણ અક્ષરે લખાશે' : કેન્દ્રીય રાજ્યમંત્રી શ્રીમતી નિમુબેન બાંભણીયા



કમલમ્,ભાવનગર

ભાવનગર ખાતે કેન્દ્રીય રાજ્યમંત્રી શ્રીમતી નિમુબેન બાંભણીયાના અધ્યક્ષસ્થાને 'શૌર્ય સંવાદ' કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ભારતીય વાયુસેનાની સૂર્યકિરણ ટીમના સ્કવોડ્રન લીડરવી. વિક્રમ અને શરદ ગોયલ એનસીસીના એરફોર્સ, આર્મી અને નેવીના કેડેટ્સ તેમજ કોલેજના વિદ્યાર્થીઓ સાથે સંવાદ સાધ્યો હતો. કેન્દ્રીય રાજ્યમંત્રી શ્રીમતી નિમુબેન બાંભણીયાએ ભાવનગરમાં પ્રથમ વખત યોજાયેલા સૂર્યકિરણ એર શો અંગે આનંદ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, ભાવનગરના ઇતિહાસમાં આજનો દિવસ સુવર્ણ અક્ષરે લખાશે. બોરતળાવની આસપાસના વિસ્તારો, અગાસીઓ અને ફામહાઉસ પરથી મોટી સંખ્યામાં ભાવનગરવાસીઓએ આ ઐતિહાસિકહવાઈ પ્રદર્શન નિહાળ્યું હતું. વાયુસેનાના પાયલટ્સના અદભુત હવાઈ કરતબો અને બેન્ડની દેશભક્તિપુર્ણ પ્રસ્તુતિએ નગરજનોમાં રાષ્ટ્રગૌરવની લાગણી જગાવી હતી. તેમણે આ પ્રદર્શન બદલ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથસિંહનો આભાર વ્યક્ત કરી વાયુસેનાના જવાનોને અભિનંદન પાઠવ્યા હતા. સાથે જ કાર્યક્રમની સફળતામાં સહયોગ આપનાર જિલ્લા વહીવટી તંત્ર, મહાનગરપાલિકા, પોલીસ વિભાગ અને ભાવનગરવાસીઓની સરાહ ના કરી હતી. સંવાદ દરમિયાન સૂર્યકિરણ ટીમના સ્કવોડ્રન લીડરવી. વિક્રમ અને શરદ ગોયલે વિદ્યાર્થીઓને ભારતીય વાયુસેનાની કામ ગીરી, સશસ્ત્ર દળો માં કારકિર્દીની તકો અને પ્રવેશ પ્રક્રિયા અંગે માર્ગદર્શન આપ્યું હતું. વિંગ કમાન્ડર વિક્રમે અગ્નિવીર તરીકે વાયુસેનામાં જોડાવા માટેની પસંદગી પ્રક્રિયા, શૈક્ષણિક અને શારીરિક લાયકાત તેમજ ધોરણ-૧૨ પછીનેશનલ ડિફેન્સ એકેડમી (NDA) અને સ્નાતક થયા બાદ વિવિધ પ્રવેશ યોજનાઓ મારફતે અધિકારી બનવાની તકો વિશે સમજાવ્યું હતું. મહિલા કેડેટ્સનેપણ પ્રવેશની તક મળતી હોવા નુંજણાવી યુવતીઓને સશસ્ત્ર દળોમાં કારકિર્દી બનાવવા પ્રોત્સાહિત કર્યા હતા. સૂર્યકિરણ ટીમના પાયલટ્સની પસંદગી અને વિશેષ તાલીમ અંગે સૂર્યકિરણ ટીમના સ્કવોડ્રન લીડરવી. વિક્રમે માહિતી આપતાં જણાવ્યું હતું કે, ટીમમાં ભારતીય વાયુસેનાના અનુભવી ફાઈટર પાયલટ્સની પસંદગી કરવામાં આવે છે. તબક્કાવાર તાલીમ દ્વારા ચારથી છ અને ત્યારબાદ નવ વિમાનોની રચનામાં ઉડાન ભરવાની કુશળતા વિકસાવવામાં આવે છે. તેમણે પોતાના ૧,૫૦૦ કલાકથી વધુના ઉડાન અનુભવ તેમજ પી.સી.-૭, સુખોઈ-૩૦ એમકેઆઈ અને રફેલ વિમાન ઉડાવવાના અનુભવ અંગે પણ વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. સંવાદ દરમિયાન વિદ્યાર્થીઓએ વિમાનચાલન વખતે સલામતી, પાયલટ્સ વચ્ચે સંકલન, કટોકટીની પરિસ્થિતિમાં લેવાતા પગલાં, ગરુડ કમાન્ડો દળની તાલીમ અને સ્વદેશી કાવેરી એન્જિન સહિતના વિષયો અંગે પ્રશ્નો પૂછ્યા હતા. અધિકારીઓએ વિદ્યાર્થીઓના પ્રશ્નોના જવાબ આપી વાયુસેનાની વિવિધ શાખાઓમાં ઉપલબ્ધ કારકિર્દીની તકો અંગે માર્ગદર્શન આપ્યું હતું. આ સંવાદ વિદ્યાર્થીઓ માટે સશસ્ત્ર દળોની કામગીરી સમજવા અને દેશસેવાના ક્ષેત્રમાં કારકિર્દી ઘડવાની દિશામાંપ્રેરણારૂપ બન્યો હતો. કાર્યક્રમમાં મેયર શ્રીમતી ઉષાબેન તલરેજા, કુલપતિ શ્રી ભરત રામાનુજ, કાર્યકારી કુલ સચિવ શ્રી ભાવેશભાઈ જાની, એમજે કોલેજના આચાર્ય શ્રી દિલીપભાઈ જોષી સહિત મોટી સંખ્યામાં એનસીસી કેડેટ્સ અને કોલેજના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

ગુજરાત પ્રવાસન ક્ષેત્રે નવતર પહેલ: સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે શરૂ થઈ રહી છે અત્યાધુનિક 'એસી વિસ્ટા ડોમ કોચ' બસ સેવા

પ્રવાસીઓ આરામદાયક એસી કેબિનમાં બેઠા-બેઠા ખુલ્લા આકાશ અને આસપાસના નયનરમ્ય દૃશ્યોનો આનંદ માણી શકશે





બસની બોડી પર ગુજરાતના વિશ્વ-પ્રસિદ્ધ પ્રવાસન સ્થળો સોમનાથ મંદિર, દ્વારકા મંદિર, ગીર રાષ્ટ્રીય ઉદ્યાન, અડાલજની વાવ, ધોરડો રણ જેવા સ્થળોને વિવિધ આકર્ષક ગ્રાફિક્સ દ્વારા દર્શાવાયા

કમલમ્,

ગુજરાતમાં પ્રવાસન ક્ષેત્રને વધુ વેગ આપવા અને પ્રવાસીઓને રાજ્યના પ્રાકૃતિક સૌંદર્ય, ઐતિહાસિક વારસો તથા સાંસ્કૃતિક સ્થળોનો યાદગાર અનુભવ કરાવવા માટે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ અને ગુજરાત ટુરિઝમ દ્વારા એક વિશેષ સંયુક્ત પહેલ શરૂ કરવામાં આવી છે. જે અંતર્ગત, ભારતમાં પ્રથમવાર આંતરરાષ્ટ્રીય ધોરણો મુજબની કુલ ૦૫ વિશિષ્ટ 'એસી વિસ્ટા ડોમ કોચ' બસોનું નિર્માણ કરવામાં આવ્યું છે. સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ પહેલી વિસ્તા ડોમ બસનું લોકાર્પણ કર્યુંહતું અને વિસ્તા ડોમ બસની સફર પણ માણી હતી. આ આધુનિક બસોમાં પારદર્શક સ્કાય-વ્યૂ રૂફ- ટ્રાન્સપરન્ટ રૂફ ડોમ ડિઝાઈન આપવામાં આવી છે. જેનાથી પ્રવાસીઓ આરામદાયક એસી કેબિનમાં બેઠા-બેઠા ખુલ્લા આકાશ અને આસપાસના નયનરમ્ય દૃશ્યોનો આનંદ માણી શકશે. આ બસોમાં પ્રવાસીઓની સુવિધા માટે રિવોલ્વિંગ અને કુલી એડજસ્ટેબલ રિકલાઈનિંગ સીટ્સ વાળી કુલ ૨૩ સીટો તથા ૧ ડ્રાઈવર માટેની બેઠક ક્ષમતા ધરાવે છે. આ ઉપરાંત નાગરિકો માટે પ્રીમિયમ એલ.ઈ.ડી. સ્માર્ટ ટી.વી., સીસીટીવી કેમેરા, કોફી-ટી મેકિંગ મશીન, મિની ફ્રિજ અને મોબાઈલ ચાર્જિંગ જેવી આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. સુરક્ષાના ભાગરૂપે તેમાં અત્યાધુનિક ફાયર ડિટેક્શન એન્ડ સપ્રેશન સિસ્ટમ અને ઈમરજન્સી હેમર સાથેના ટફન ગ્લાસની પણ વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. નાગરિકો રાજ્યના અલગ અલગ પ્રવાસન સ્થળોની મુલાકાત વધુ આકર્ષક રીતે માણી શકે તે હેતુથી આગામી સમયમાં ગુજરાતના અન્ય પ્રવાસન સ્થળો અને ઈરિટેજ રૂટ્સ પર પણ આ પ્રકારની બસ સેવા તબક્કાવાર શરૂ કરવામાં આવશે તેમ નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું છે. આ બસની બોડી પર ગુજરાતનાં વિશ્વ-પ્રસિદ્ધ પ્રવાસન સ્થળો જેવા કે સ્ટેચ્યુ ઓફ યુનિટી, અક્ષરધામ, સોમનાથ મંદિર, દ્વારકા મંદિર, ગીર રાષ્ટ્રીય ઉદ્યાન, અડાલજની વાવ, ધોરડો રણ, તરણેતરનો મેળો અને વિજય વિલાસ પેલેસના આકર્ષક ગ્રાફિક્સ દર્શાવવામાં આવ્યા છે. એક એસી વિસ્ટા ડોમ કોચ બસની **સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ બસનું લોકાર્પણ કરી વિસ્ટા ડોમ બસની સફર પણ માણી હતી**

પ્રવાસીઓની માટે રિવોલ્વિંગ અને કૂલ્લી એડજસ્ટેબલ રિકલાઈનિંગ સીટ્સ વાળી કુલ ૨૩ સીટની સુવિધા

આગામી સમયમાં ગુજરાતના અન્ય પ્રવાસન સ્થળો અને હેરિટેજ રૂટ્સ પર પણ આ પ્રકારની બસ સેવા તબક્કાવાર શરૂ કરાશે: શ્રી હર્ષ સંઘવી

કિંમત રૂ. ૨.૧૯ કરોડ છે. આ બસ સેવા માંથી કુલ ૦૫ બસોમાંથી હાલ ૦૨ બસોનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. જ્યારે બાકીની ૦૩ બસોનું લોકાર્પણ આગામી બે માસમાં કરવાનું આયોજન છે. નાગરિકોએ વ્હોટ્સએપ્પની વેબસાઈટ પરથી ટિકિટ બુક કરાવી આ બસ સેવાનો લાભ લઈ શકે છે. આ પ્રકારની પ્રીમિયમ વિસ્ટા ડોમ બસ સેવા શરૂ થવાથી ગુજરાત ના નાગરિકો અને દેશ-વિદેશથી આવતા પ્રવાસીઓનો પ્રવાસન એકસપિરિયન્સ સંપૂર્ણપણે બદલાઈ જશે. હવે પ્રવાસીઓ માત્ર મુસાફરી નહીં પરંતુ રસ્તામાં આવતા કુદરતી નજારાઓ અને ઐતિહાસિક વિરાસતોને એકનવા જ દ્રષ્ટિકોણથી માણી શકશે. આ પહેલ ગુજરાતના પ્રવાસન પરિવહન ક્ષેત્રે એક સીમાચિહ્ન રૂપ સાબિત થશે અને રાજ્યના ટુરિઝમ સેકટરને વૈશ્વિક

ગુજરાતનું મેપિંગ: વિકસિત ભારત @2047 તરફની વિકાસયાત્રાનો માર્ગ

ભારતીય સર્વેક્ષણ વિભાગ (Survey of India)ની રાષ્ટ્રના ઇતિહાસ કરતાં પણ જૂની એક ગૌરવગાથા

કમલમ્, ગાંધીનગર

ભારતીય સર્વેક્ષણ વિભાગ (Survey of India) ની રાષ્ટ્રના ઈતિહાસ કરતાં પણ જૂની એક ગૌરવગાથા છે. વર્ષ ૧૭૬૭માં, જ્યારે ભારત પાસે ન તો પોતાનું બંધારણ હતું, ન રાષ્ટ્રધ્વજ કે ન આધુનિક નકશાકીય વ્યવસ્થા, ત્યારે સર્વેયરોની (સર્વે કરતા લોકો) એક નાનકડી ટુકડીએ દેશની ધરતીનું વૈજ્ઞાનિક માપન કરવાની ઐતિહાસિક પહેલ કરી હતી. આ પહેલમાંથી જ ભારતીય સર્વેક્ષણ વિભાગ (Survey of India)ની શરૂઆત હતી, જે આજે દેશની સૌથી જૂની વૈજ્ઞાનિક સંસ્થાઓમાંની એક અને રાષ્ટ્રીય નકશાકીય સંસ્થા તરીકે કાર્યરત છે ગુજરાતની રાજધાની ગાંધીનગર ખાતે કાર્યરત ભારતીય સર્વેક્ષણ વિભાગની

ગુજરાત, દમણ અને દીવ ભૂ-સ્થાનિક નિદેશાલયના નિદેશક શ્રી સિદ્ધાંત સેને વિગતો આપતા જણાવ્યું હતું કે, સૌથી પહેલાં થિયોડોલાઈટ્સ અને અદમ્ય ધીરજના સહારે સર્વેયરોએ ગાઢ જંગલો, વિશાળ રણપ્રદેશો અને દુર્ગમ પર્વતીય વિસ્તારોને પાર કરીને 'ગ્રેટ ટ્રિગોનોમેટ્રિકલ સર્વે' (મહાન ત્રિકોણમિતીય સર્વેક્ષણ) હાથ ધર્યું હતું. આ અભિયાન વિશ્વના સૌથી સાહસિક વૈજ્ઞાનિક સર્વેક્ષણોમાંનું એક હતું. આ જ સંશોધન પરંપરાએ માઉન્ટ એવરેસ્ટની ઊંચાઈના સૌપ્રથમ વૈજ્ઞાનિક માપનનો માર્ગ મોકળો કર્યો હતો. એટલું જ નહીં, ભારતના બંધારણની મૂળ નકલના મુદ્રણ કાર્યમાં પણ ભારતીય સર્વેક્ષણ વિભાગે મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. તેમણે કહ્યું કે, અઢી સદીથી વધુ સમય વીતી ગયો હોવા છતાં સંસ્થાનો મૂળ સંકલ્પ આજે પણ અડગ છે, દેશની ધરતીના પ્રત્યેક ઈંચનું વૈજ્ઞાનિક માપન કરવું, તેની ભૌગોલિક ઓળખ સ્થાપિત કરવી અને તેને સચોટ નકશાકીય સ્વરૂપ આપવું. ગુજરાત, દમણ અને દીવમાં ગાંધીનગર સ્થિત અમારું નિર્દેશાલય આ રાષ્ટ્રીય સંકલ્પને સતત આગળ ધપાવી રહ્યું છે. કચ્છના વિશાળ રણથી સૌરાષ્ટ્રના દરિયાકિનારા સુધી, ખંભાતના અખાતથી દમણ અને દીવના દરિયાઈ વિસ્તારો સુધી સમગ્ર પ્રદેશના નકશાકરણમાં નિર્દેશાલય મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે. ભારત જ્યારે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સ્વતંત્રતાની શતાબ્દી એટલે કે વર્ષ ૨૦૪૭ સુધીમાં 'વિકસિત ભારત' બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે, ત્યારે આ વિકાસયાત્રામાં સચોટ ભૌગોલિક માહિતી અને વિશ્વસનીય નકશાકીય માળખું અનિવાર્ય પાયાની ભૂમિકા ભજવે છે. કારણ કે સુનિયોજિત વિકાસની શરૂઆત જમીનની સાચી ઓળખ અને ચોક્કસ માપનથી જ થાય છે.

દરેક નકશાનો અદ્રશ્ય, પરંતુ મજબૂત પાયો

કોઈપણ નકશો માત્ર રેખાઓ અને સીમાઓનું ચિત્ર નથી; તેની પાછળ ચોકસાઈ, વૈજ્ઞાનિક પદ્ધતિ અને વિશ્વસનીય ભૌગોલિક સંદર્ભનું મજબૂત માળખું કાર્યરત હોય છે.આ હેતુસર સમગ્ર રાજ્યમાં આડા અને ઊભા નિયંત્રણ બિંદુઓ (Horizontal and Vertical Control Points) સ્થાપિત કરવામાં આવ્યા છે. આ બિંદુઓ દરેક નક્શાને ચોક્કસ ભૌગોલિક સંદર્ભ પ્રદાન કરે છે. પૂરગ્રસ્ત વિસ્તારોના નકશાકરણથી લઈને બંધોની સુરક્ષાનું મૂલ્યાંકન, તેમજ રસ્તાઓ, પુલો અને નહેરો જેવી માળખાકીય સુવિધાઓના નિર્માણ સુધી વિવિધ ક્ષેત્રોના ઈજનેરો આ આધારનો ઉપયોગ કરે છે. વર્ષ ૧૮૯૦નો ગ્રેટ ટ્રિગોનોમેટ્રિકલ સર્વે (GTS) બેન્ચમાર્ક આ વૈજ્ઞાનિક પરંપરાના ઐતિહાસિક વારસાનું પ્રતીક છે. બીજી તરફ, વડીનાર, પોરબંદર, ઓખા અને કંડલા ખાતે સ્થાપિત ભરતી-ઓટ માપન વેધશાળાઓ દરિયાની સપાટીમાં થતા ફેરફારો અને દરિયાઈ ગતિવિધિઓનું સતત નિરીક્ષણ અને રેકોર્ડિંગ કરે છે. આ ઉપરાંત, જિયોડેટિક એસેટ રજિસ્ટર્સના પ્રકાશન દ્વારા નિયંત્રણ બિંદુઓની વિગતો ઉપલબ્ધ કરાવવામાં આવી છે, જેથી ગુજરાતમાં કાર્યરત સરકારી વિભાગો, સંસ્થાઓ, ઈજનેરો અને સર્વેયરો વિશ્વસનીય ભૌગોલિક સંદર્ભના આધારે પોતાની કામગીરી હાથ ધરી શકે છે. નિર્દેશાલયની જવાબદારી માત્ર આંતરિક વિકાસ પૂરતી મર્યાદિત નથી, પરંતુ રાષ્ટ્રીય સુરક્ષાના મહત્ત્વપૂર્ણ પાસાં સાથે પણ જોડાયેલી છે. સુરક્ષિત સરહદો રાષ્ટ્રની સ્થિરતા અને પ્રગતિનો આધાર છે. આ દિશામાં ગુજરાતની આંતરરાષ્ટ્રીય સરહદનું નક્શાકરણ કરવામાં આવ્યું છે. સાથે જ ભારત અને ગુજરાતના રાજકીય નકશાઓ અંગ્રેજી, હિન્દી અને ગુજરાતી ભાષામાં પ્રકાશિત કરવામાં આવે છે, જેથી નાગરિકો પોતાની ધરતીની ભૌગોલિક અને રાજકીય ઓળખને પોતાની ભાષામાં સમજી શકે. પરંપરાગત નકશાકરણને આધુનિક ડિજિટલ યુગ સાથે જોડવાના ઉદ્દેશ્યથી ગુજરાત રાજ્ય તથા કેન્દ્રશાસિત પ્રદેશ દમણ અને દીવમાં કુલ ૧૦૨ કન્ટિન્યુઅસલી ઓપરેટિંગ રેફરન્સ સ્ટેશન્સ (CORS) સ્થાપિત કરવામાં આવ્યાં છે. આ સ્ટેશનો સર્વેયરો, ઈજનેરો, ખેડૂતો અને ડ્રોન સંચાલકોને રિયલ ટાઈમમાં સેન્ટિમીટર સ્તરની ચોકસાઈ સાથે સ્થાન નિર્ધારણની સુવિધા પૂરી પાડે છે. અત્યાર સુધીમાં ગુજરાત રાજ્ય તથા દમણ અને દીવમાં કુલ ૧,૦૪૨ વપરાશકર્તાઓએ આ સુવિધા માટે નોંધણી કરાવી છે. આ આધુનિક ડિજિટલ માળખું આત્મનિર્ભર ભારતના નિર્માણમાં પણ મહત્ત્વપૂર્ણ યોગદાન આપી રહ્યું છે.

મુખ્ય નક્શાકીય અને ડિજિટલ ઉત્પાદનો

- ઓપન સિરીઝ મેપ્સ અને ડિજિટલ નકશાકીય ઉત્પાદનો.
- ગુજરાતનો રાજકીય નકશો (ગુજરાતી આવૃત્તિ).
- વડીનાર, પોરબંદર, ઓખા અને કંડલા ખાતે ભરતી-ઓટ માપન વેધશાળાઓ.

વર્ષ ૧૮૯૦નો ગ્રેટ ટ્રિગોનોમેટ્રિકલ સર્વે (GTS) બેન્ચમાર્ક.

ગુજરાતમાં સ્થાપિત કન્ટિન્યુઅસલી ઓપરેટિંગ રેફરન્સ સ્ટેશન્સ (CORS).

વિભાગીય સીમાઓથી આગળ: વિકસિત ભારતના નિર્માણમાં નકશાકરણનું યોગદાન

વિકસિત ભારતનું સ્વપ્ન ત્યારે જ સાકાર થઈ શકે, જ્યારે વિકાસનો લાભ દેશના છેવાડાના માનવી સુધી પહોંચે. આ દિશામાં 'સ્વામિત્વ યોજના' (SVAMITVA) એક મહત્ત્વપૂર્ણ પહેલ છે. આ યોજનામાં ટેક્નિકલ ભાગીદાર તરીકે ભારતીય સર્વેક્ષણ વિભાગે ગુજરાતનાં ગ્રામીણ વસવાટ વિસ્તારોનું નકશાકરણ પૂર્ણ કરીને કુલ ૧૪,૮૬૬ ગામોના નકશા તૈયાર કર્યા છે. આ કામગીરીના પરિણામે ગ્રામ્ય પરિવારોને પેઢીઓથી તેઓ જે મકાનોમાં વસવાટ કરે છે, તેના કાયદેસર માલિકી હકના દસ્તાવેજો પ્રાપ્ત કરવાનો માર્ગ સુગમ બન્યો છે. આ પહેલ મિલકતની માલિકી અંગેની સ્પષ્ટતા અને સુરક્ષા પૂરી પાડવાની સાથે મિલકતના આધારે ધિરાણ મેળવવાની તકો ઊભી કરે છે અને ગ્રામીણ અર્થતંત્રને વધુ સક્ષમ બનાવે છે. ગ્રામીણ વિકાસની આ જ દિશામાં હવે શહેરી અને માળખાકીય વિકાસને પણ ચોક્કસ નકશાકીય આધાર પૂરો પાડવામાં આવી રહ્યો છે. નગર રચના અને મૂલ્યાંકન વિભાગ (Town Planning and Valuation Department – TPVD) માટે મુંબઈ-અમદાવાદ હાઈ સ્પીડ રેલ (MAHSR) કોરિડોરનું નકશાકરણ કરવામાં આવી રહ્યું છે. આ કોરિડોર દેશના આધુનિક પરિવહન અને માળખાકીય વિકાસની દિશામાં એક મહત્ત્વપૂર્ણ પ્રોજેક્ટ છે. તે જ રીતે, અમૃત 2.0 (AMRUT 2.0) યોજના અંતર્ગત આ વિભાગ માટે ૫૫ શહેરોનું નકશાકરણ હાથ ધરવામાં આવ્યું છે. તૈયાર થનારા નકશાઓ શહેરોની GIS આધારિત વિકાસ યોજનાઓ (Development Plans) અને માસ્ટર પ્લાન તૈયાર કરવા માટે મજબૂત આધાર પૂરો પાડશે. તેના પરિણામે પાણી પુરવઠો, ગટર વ્યવસ્થા, શહેરી માળખાકીય સુવિધાઓ અને હરિયાળા વિસ્તારોના વિકાસનું વધુ વૈજ્ઞાનિક તથા સુવ્યવસ્થિત આયોજન શક્ય બનશે.

સ્વામિત્વ યોજના (SVAMITVA) અને અમૃત ૨.૦ (AMRUT2.0)

આ બંને પહેલ દ્વારા ગ્રામ્ય અને શહેરી વિસ્તારોના વિકાસને સચોટ ભૂ-સ્થાનિક માહિતી સાથે જોડવામાં આવી રહ્યો છે. એક તરફ ગામડાંમાં મિલકતના અધિકારોને સ્પષ્ટતા મળી રહી છે, તો બીજી તરફ શહેરોના ભવિષ્યના વિકાસ માટે વૈજ્ઞાનિક આયોજનનો પાયો તૈયાર થઈ રહ્યો છે. સ્વચ્છ અને વિશ્વસનીય ઊર્જા વ્યવસ્થાના નિર્માણમાં પણ ભારતીય સર્વેક્ષણ વિભાગનું યોગદાન વિસ્તરી રહ્યું છે. ન્યુક્લિયર પાવર કોર્પોરેશન ઓફ ઇન્ડિયા લિમિટેડ (NPCIL) માટે કાકરાપાર ખાતે ૧૨૧ ચોરસ કિલોમીટરના વિસ્તારમાં LiDAR ટેક્નોલોજી આધારિત સર્વેક્ષણ પૂર્ણ કરવામાં આવ્યું છે. આ કામગીરી દેશની ઊર્જા સુરક્ષા અને મહત્ત્વપૂર્ણ માળખાકીય પ્રોજેક્ટ્સના આયોજનને જરૂરી ભૌગોલિક આધાર પૂરો પાડે છે. આગામી તબક્કામાં વધુ ૧૮૩ ચોરસ કિલોમીટરના વિસ્તારમાં સર્વેક્ષણ હાથ ધરવાની તૈયારી ચાલી રહી છે. શહેરી જમીનના રેકોર્ડનું આધુનિકીકરણ કરવા માટે કેન્દ્ર સરકારના ભૂમિ સંસાધન વિભાગ અને ગુજરાત સરકારના સંયુક્ત ઉપક્રમે 'નકશા' (NAKSHA) પ્રોજેક્ટ અમલમાં મૂકવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ અંતર્ગત અત્યાર સુધીમાં પાંચ શહેરોનું નકશાકરણ પૂર્ણ કરવામાં આવ્યું છે. આ પહેલ દ્વારા શહેરી વિસ્તારોમાં જમીન અને મિલકતના રેકોર્ડને વધુ સચોટ, પારદર્શક અને આધુનિક બનાવવાની દિશામાં કાર્ય થઈ રહ્યું છે. પરિણામે શહેરી નાગરિકોને પણ મિલકતની માલિકી અંગે વધુ સ્પષ્ટતા અને વિશ્વસનીય દસ્તાવેજીકરણનો લાભ મળી શકશે.

વર્ષ ૨૦૪૭ તરફની વિકાસયાત્રા: પરંપરાથી આધુનિક ટેક્નોલોજી સુધી

એવરેસ્ટનાં હિમાચ્છાદિત શિખરોથી લઈને કચ્છના વિશાળ ખારાપાટ સુધી, ભારતીય સર્વેક્ષણ વિભાગે ભારતની ભૌગોલિક ઓળખને વૈજ્ઞાનિક ચોકસાઈ સાથે વિશ્વ સમક્ષ પ્રસ્થાપિત કરવામાં ઐતિહાસિક ભૂમિકા ભજવી છે. ગુજરાત, દમણ અને દીવમાં કાર્યરત નિર્દેશાલયની ટીમો ડ્રોન, LiDAR, GNSS અને GIS જેવી અદ્યતન ટેક્નોલોજીનો ઉપયોગ કરીને આ ગૌરવશાળી પરંપરાને નવી ઊંચાઈઓ સુધી લઈ જઈ રહી છે. વર્ષ ૧૭૬૭થી આજ સુધી સમય બદલાયો, સાધનો બદલાયાં અને ટેક્નોલોજીમાં ક્રાંતિકારી પરિવર્તનો આવ્યાં; પરંતુ ભારતીય સર્વેક્ષણ વિભાગનો મૂળ ઉદ્દેશ્ય અડગ રહ્યો છે દેશની ધરતીનું સચોટ નકશાકરણ, વિશ્વસનીય ભૌગોલિક માહિતીનું સર્જન અને રાષ્ટ્રના સર્વાંગી વિકાસને વૈજ્ઞાનિક આધાર પૂરો પાડવો. વિકસિત ભારત @2047ની સંકલ્પનાને સાકાર કરવામાં દરેક નકશો, દરેક સર્વેક્ષણ અને દરેક ભૌગોલિક માહિતીનું પોતાનું આગવું મહત્ત્વ છે. આ જ દૃઢ સંકલ્પ સાથે ભારતીય સર્વેક્ષણ વિભાગ દેશની વિકાસયાત્રામાં સતત સહભાગી બની રહ્યો છે. આમ, ભારતીય સર્વેક્ષણ વિભાગ એ? રાષ્ટ્રના નકશાકરણ, નાગરિકોનું સશક્તીકરણ અને વિકસિત ભારત @2047ના નિર્માણમાં અવિરત યોગદાન આપી રહ્યું છે.

પર્વતારોહકોના આરોગ્ય- પોષણ માટે ગુજરાત સરકારનો મહત્વનો નિર્ણય



કમલમ્, ગાંધીનગર

પર્વતારોહણ એ શારીરિક સામર્થ્ય, ધૈર્ય અને અદમ્ય સાહસની કસોટી છે. કલાકો સુધી ઊંચા પહાડો અને કઠિન ખડકો વચ્ચે પરસેવો પાડતા યુવક-યુવતીઓને પોતાની શારીરિક ક્ષમતા જાળવી રાખવા માટે યોગ્ય અને પૌષ્ટિક આહાર મળવો અત્યંત જરૂરી છે. આ બાબતને ધ્યાને રાખીને, ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા વાર્ષિક પર્વતારોહણ તાલીમ શિબિરોમાં ભાગ લેતા તાલીમાર્થીઓ અને પ્રશિક્ષકો માટે અપાતી ભોજન સુવિધામાં રૂ. ૨૦૦નો વધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે જે તા. ૧ એપ્રિલ, ૨૦૨૭થી અમલી બનશે. રાજ્ય સરકાર દ્વારા પર્વતારોહણ શિબિરોમાં તાલીમાર્થીઓ અને ઈન્સ્ટ્રક્ટરોને આપવામાં આવતા દૈનિક ભોજનના દરની મહત્તમ મર્યાદા પ્રતિદિન પ્રતિ વ્યક્તિ રૂ. ૧૫૦થી વધારીને રૂ. ૩૫૦ કરવામાં આવી છે, જેમાં રૂ. ૨૦૦નો વધારો કરવામાં આવ્યો છે. આ નિર્ણયનો સીધો અને વ્યાપક લાભ રાજ્યના બે મુખ્ય પર્વતારોહણ કેન્દ્રોમાં તાલીમ લેતા અનેક યુવાનોને મળશે. જૂનાગઢ સ્થિત 'પંડિત દીનદયાળ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્ર' ખાતે તાલીમ લેતા વાર્ષિક આશરે ૨૩૦ શિબિરાર્થીઓ માટે રૂ. ૩.૪૦ લાખ અને માઉન્ટ આબુ સ્થિત 'રાજ્ય પર્વતારોહણ સંસ્થા'ના વાર્ષિક આશરે ૨૮૦ શિબિરાર્થીઓ માટે રૂ. ૭.૭૦ લાખનો વધારાનો ખર્ચ કરવામાં આવશે. આ રીતે બંને કેન્દ્રોના કુલ ૫૧૦ જેટલા યુવા સાહસિકોના ઉત્સાહ અને આરોગ્યને જાળવી રાખવા માટે રાજ્ય સરકાર દ્વારા વાર્ષિક રૂ. ૧૧.૧૦ લાખનો વધારાનો આર્થિક ખર્ચ કરવામાં આવશે. રાજ્ય યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના કમિશનરશ્રી હેઠળ કાર્યરત આ બંને કેન્દ્રોમાં વર્ષ દરમિયાન ૨૦થી વધુ સરકારી અને બિનસરકારી પર્વતારોહણ તાલીમ શિબિરો યોજાય છે. ભોજન ભથ્થામાં થયેલા આ વધારાથી આ શિબિરોમાં ભાગ લેનારા તાલીમાર્થીઓ અને પ્રશિક્ષકોને વધુ સારી ભોજન સુવિધા ઉપલબ્ધ કરાવવામાં મદદ મળશે. રાજ્ય સરકારના આ નિર્ણયથી પર્વતારોહણ ક્ષેત્રે તાલીમ મેળવતા યુવા સાહસિકોના આરોગ્ય, પોષણ અને શારીરિક ક્ષમતા જાળવવાના પ્રયાસોને પ્રોત્સાહન મળશે. સાથે જ, રાજ્યમાં પર્વતારોહણ તાલીમને વધુ અસરકારક બનાવવા અને યુવા સાહસિકોના સર્વાંગી વિકાસને વેગ આપવા સહાયરૂપ બનશે.

નવી વંદે ભારત સ્લીપર એક્સપ્રેસ બેંગલુરુ અને મુંબઈ વચ્ચે કનેક્ટિવિટી વધારશે, જે ભારતની IT અને સ્ટાર્ટઅપ રાજધાનીને તેની નાણાકીય રાજધાનીની સાથે જોડશે: શ્રી અશ્વિની વૈષ્ણવ

રેલવે કેન્દ્રીય મંત્રીએ બેંગલુરુ-મુંબઈ વંદે ભારત સ્લીપર એક્સપ્રેસ ટ્રેનને લીલી ઝંડી આપી

કમલમ્,

કેન્દ્રીય રેલવે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે કેન્દ્રીય મંત્રી શ્રી પ્રલ્હાદ જોશી, કેન્દ્રીય મંત્રી શ્રી એચ. ડી. કુમારસ્વામી, રેલવે રાજ્ય મંત્રી શ્રી વી. સોમન્ના, રાજ્ય મંત્રી સુશ્રી શોભા કરંદલાજે અને અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં SMV બેંગલુરુ-છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (CSMT), મુંબઈ વંદે ભારત સ્લીપર એક્સપ્રેસને લીલી ઝંડી દર્શાવી હતી. ઝંડી દર્શાવવાનો આ સમારોહ ભારતના બે અગ્રણી મહાનગરો અને આર્થિક કેન્દ્રો વચ્ચે આધુનિક રાત્રિ રેલવે કનેક્ટિવિટીને મજબૂત કરવા તરફનું એક મહત્વપૂર્ણ પગલું છે. આ નેક્સ્ટ-જનરેશન સ્લીપર ટ્રેનની શરૂઆતથી મુસાફરોને બેંગલુરુ અને મુંબઈ વચ્ચે એક વધારાનો આધુનિક, આરામદાયક અને કાર્યક્ષમ મુસાફરીનો વિકલ્પ મળશે. આ સેવાથી કર્ણાટક, આંધ્રપ્રદેશ અને મહારાષ્ટ્રના મહત્વના પ્રાદેશિક કેન્દ્રોમાં કનેક્ટિવિટી મજબૂત કરવાની સાથે પ્રોફેશનલ્સ, ઉદ્યોગસાહસિકો, વ્યાપારી મુસાફરો, વિદ્યાર્થીઓ, વેપારીઓ અને પ્રવાસીઓને લાભ થવાની અપેક્ષા છે. જાન્યુઆરી ૨૦૨૬માં હાવડા-ગુવાહાટી કોરિડોર પર વંદે ભારત સ્લીપર સેવાઓ શરૂ થયા બાદ, અને ગઈકાલે વારાણસી-નવી દિલ્હી વંદે ભારત સ્લીપર ટ્રેનને લીલી ઝંડી દર્શાવ્યા બાદ, બેંગલુરુ-મુંબઈ સેવા આધુનિક રાત્રિ રેલવે મુસાફરીના નેટવર્કને વધુ વિસ્તારે છે અને મુસાફરો-કેન્દ્રિત ગતિશીલતા પ્રત્યે ભારતીય રેલવેની પ્રતિબદ્ધતાને પુષ્ટિ આપે છે. બેંગલુરુ-મુંબઈ વંદે ભારત સ્લીપર એક્સપ્રેસની શરૂઆત પર પ્રકાશ પાડતા, શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે આ સેવા દેશની અને સ્ટાર્ટઅપ રાજધાની બેંગલુરુને તેની નાણાકીય રાજધાની મુંબઈ સાથે જોડશે. આ ટ્રેન આંધ્રપ્રદેશના અનંતપુર અને ગુંટકલ; કર્ણાટકના રાયચુર, યાદગીર અને કલબુર્ગી; અને મહારાષ્ટ્રના સોલાપુર, પુણે અને કલ્યાણ થઈને દોડશે, જે ઉત્તર કર્ણાટકના કેટલાક ભાગોને સુધારેલી રાત્રિ કનેક્ટિવિટી પ્રદાન કરશે જે પહેલાં પ્રીમિયમ, વર્લ્ડ-ક્લાસ ટ્રેન સેવાઓ સુધી પહોંચ ધરાવતા ન હતા. તેમણે એ પણ જાહેરાત કરી કે કર્ણાટક માટે આગામી વંદે ભારત સ્લીપર સેવા બેંગલુરુથી ઉપડશે, રાજ્યના ઉત્તરીય ભાગોને હુબલ્લી પ્રદેશ તરફ જોડશે અને પુણે અને મુંબઈ તરફ આગળ વધશે. કેન્દ્રીય મંત્રીએ વધુમાં જાહેરાત કરી હતી કે રૂટ પર વિદ્યુતીકરણ અને સફળ પરીક્ષણ પૂર્ણ થયા બાદ આગામી થોડા અઠવાડિયામાં બેંગલુરુ અને મંગલુરુ વચ્ચે વંદે ભારત સેવાઓ શરૂ થવાની અપેક્ષા છે. આ સેવા બેંગલુરુ અને દરિયાકાંઠાના કર્ણાટક વચ્ચે કનેક્ટિવિટી મજબૂત કરશે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે નવી સેવા આ પ્રદેશને ઝડપી, વધુ આરામદાયક અને વર્લ્ડ-ક્લાસ રેલવે કનેક્ટિવિટી પ્રદાન કરશે.



કેન્દ્રીય મંત્રીઓ પ્રલ્હાદ જોશી, એચ. ડી. કુમારસ્વામી, રેલવે રાજ્ય મંત્રી વી. સોમન્ના અને અન્ય મહાનુભાવો પણ પ્રસ્થાન વિધિ સમારોહમાં જોડાયા

તેમણે મુસાફરોની કનેક્ટિવિટી મજબૂત કરવા અને કર્ણાટકના આર્થિક વિકાસને ટેકો આપવામાં આધુનિક રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ટેકનોલોજી-સંચાલિત સુધારાઓ અને હાઈ-સ્પીડ સેવાઓના વિસ્તરણના મહત્વ પર પણ પ્રકાશ પાડ્યો હતો. કેન્દ્રીય રેલવે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે કર્ણાટકમાં હાઈ-સ્પીડ રેલવે કનેક્ટિવિટીના વિસ્તરણ અને પ્રાદેશિક કનેક્ટિવિટી મજબૂત કરવા અને આર્થિક સંકલનને પ્રોત્સાહન આપવા માટે નવા રેલવે કોરિડોરનો વિકાસ પર પ્રકાશ પાડ્યો હતો. મુસાફરીના સમયમાં અપેક્ષિત ઘટાડા પર પ્રકાશ પાડતા તેમણે જણાવ્યું હતું કે બેંગલુરુ-ચેન્નાઈ મુસાફરીમાં માત્ર ૭૩ મિનિટ લાગશે, જ્યારે બેંગલુરુ-હૈદરાબાદ કનેક્ટિવિટી લગભગ ૨ કલાક અને ૧૦ મિનિટમાં આવરી લેવામાં આવશે. કેન્દ્રીય મંત્રી શ્રી પ્રલ્હાદ જોશીએ સમગ્ર કર્ણાટકમાં, ખાસ કરીને ઉત્તર કર્ણાટકમાં રેલવે કનેક્ટિવિટી મજબૂત કરવા માટે રેલવે મંત્રાલયના પ્રયાસોની પ્રશંસા કરી હતી. તેમણે રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ માટે ફાળવવામાં આવેલ ભંડોળમાં વધારા પર પ્રકાશ પાડ્યો હતો અને કર્ણાટકમાં રેલવે વિકાસ કાર્યોમાં થયેલી નોંધપાત્ર પ્રગતિની પ્રશંસા કરી હતી. શ્રી જોશીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે આ મજબૂત રોકાણે ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિસ્તરણ અને સુરક્ષા વધારવા બંનેને વેગ આપ્યો છે, અને નિર્દેશ કર્યો હતો કે કવચ સુરક્ષા સિસ્ટમના અમલીકરણ પછી અકસ્માતનો દર ૧૩૫ થી ઘટીને ૧૬ થઈ ગયો છે, જેમાં શૂન્ય અકસ્માત પ્રાપ્ત કરવાનો સ્પષ્ટ સંસ્થાકીય લક્ષ્યાંક છે.

તેમણે નવી વંદે ભારત સેવાઓની શરૂઆત અને વધારાના હાઈ-સ્પીડ રેલવે કોરિડોરની જાહેરાતને પણ આવકારી હતી, અને જણાવ્યું હતું કે આ પહેલો મુસાફરોની કનેક્ટિવિટી સુધારશે, પ્રાદેશિક વિકાસમાં વધારો કરશે અને સમગ્ર કર્ણાટકમાં આધુનિક રેલવે સેવાઓ સુધી વધુ સારી પહોંચ પ્રદાન કરશે. કેન્દ્રીય મંત્રી શ્રી એચ. ડી. કુમારસ્વામીએ બેંગલુરુ-મુંબઈ વંદે ભારત સ્લીપર સેવાની શરૂઆત, બેંગલુરુ અને મંગલુરુ વચ્ચે સૂચિત વંદે ભારત કનેક્ટિવિટી અને બેંગલુરુને પુણે સાથે જોડતી આયોજિત રેલવે કનેક્ટિવિટીનું સ્વાગત કર્યું હતું. તેમણે નોંધ્યું હતું કે આ પહેલોનો લાભ માત્ર કર્ણાટકના લોકોને જ નહીં પરંતુ બેંગલુરુમાં રહેતા પશ્ચિમ બંગાળ, અસમ અને બિહાર જેવા રાજ્યોના મોટી સંખ્યામાં પરપ્રાંતીય મજૂરો અને પરિવારોને પણ મળશે, જ્યારે મુસાફરોની સુવિધા અને પ્રાદેશિક કનેક્ટિવિટીમાં સુધારો થશે. કેન્દ્રીય રેલવે રાજ્ય મંત્રી શ્રી વી. સોમન્નાએ કર્ણાટકમાં રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચરના નોંધપાત્ર પરિવર્તનનો ઉલ્લેખ કર્યો હતો, જેમાં લાંબા સમયથી પેન્ડિંગ પ્રોજેક્ટ્સને ઝડપી બનાવવા, રેલવે કનેક્ટિવિટી મજબૂત કરવા અને સમગ્ર રાજ્યમાં મુસાફરોની સુવિધાઓમાં સુધારો કરવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. તેમણે પ્રકાશ પાડ્યો હતો કે રાજ્યમાં આશરે ?૫૨,૦૦૦ કરોડના મૂલ્યના રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ કાર્યો ચાલી રહ્યા છે. તેમણે ટ્રેન સેવાઓ પુનઃસ્થાપિત કરવા, રેલવે ઓવરબ્રિજ અને અંડરબ્રિજના નિર્માણને વેગ આપવા અને બેંગલુરુ, જિલ્લા મુખ્ય મથકો અને અન્ય મહત્વપૂર્ણ કેન્દ્રોમાં રેલવે સ્ટેશનોનું આધુનિકીકરણ કરવા માટે રેલવે મંત્રીના પ્રયાસોની પ્રશંસા કરી હતી.

બે મુખ્ય આર્થિક અને વ્યાપારી કેન્દ્રોને જોડવું

નવી વંદે ભારત સ્લીપર એક્સપ્રેસ ઈન્ફોર્મેશન ટેકનોલોજી, ઈનોવેશન, શિક્ષણ અને ઉદ્યોગસાહસિકતાના અગ્રણી હબ બેંગલુરુ અને દેશની નાણાકીય અને વ્યાપારી રાજધાની મુંબઈ વચ્ચે એક મહત્વપૂર્ણ રાત્રિ રેલવે લિંક સ્થાપિત કરશે.

બંને મહાનગરીય કેન્દ્રો પ્રોફેશનલ્સ, ઉદ્યોગસાહસિકો, વિદ્યાર્થીઓ, વ્યાપારી મુસાફરો અને પરિવારોની નોંધપાત્ર અવરજવરના સાક્ષી છે. નવી સેવા મુસાફરોને એક વધારાનો અનુકૂળ મુસાફરીનો વિકલ્પ આપશે, જેનાથી તેઓ રાતોરાત લાંબા અંતરની મુસાફરી કરી શકશે અને પછીના દિવસે તેમના ગંતવ્ય સ્થાને પહોંચી શકશે.

ટ્રેન તેના રૂટ પરના મહત્વના સ્ટેશનોને જોડશે, જેમાં અનંતપુર, ગુંટકલ, રાયચુર, યાદગીર, વાડી, કલબુર્ગી, સોલાપુર, પુણે અને કલ્યાણનો સમાવેશ થાય છે. આનાથી કર્ણાટક, આંધ્રપ્રદેશ અને મહારાષ્ટ્રના ભાગોમાં કનેક્ટિવિટી મજબૂત થશે, જે મહત્વપૂર્ણ વ્યાપારી, શૈક્ષણિક અને પ્રાદેશિક કેન્દ્રો સુધી સુધારેલી પહોંચ પ્રદાન કરશે.

ટ્રેન SMVT બેંગલુરુથી ૧૯:૪૫ કલાકે ઉપડશે અને પછીના દિવસે ૧૧:૫૫ કલાકે છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ, મુંબઈ પહોંચશે. પરત આવવાની દિશામાં, તે CSMT થી ૨૦:૧૦ કલાકે ઉપડશે અને પછીના દિવસે ૧૨:૦૦ કલાકે જીસ્ફ બેંગલુરુ પહોંચશે. આ સેવા સપ્તાહમાં છ દિવસ કામ કરશે, સિવાય કે બેંગલુરુથી ઉપડતી દિશામાં સોમવારે અને મુંબઈથી ઉપડતી દિશામાં મંગળવારે.

રાત્રિનું શિડ્યુલ મુસાફરોને બે મહાનગરીય કેન્દ્રો વચ્ચે આરામદાયક મુસાફરી કરતી વખતે તેમના દિવસના સમયનો વધુ અસરકારક ઉપયોગ કરવાની મંજૂરી આપશે. રૂટ પરના શહેરો અને નગરોના મુસાફરોને પણ વધારાના આધુનિક રેલવે મુસાફરીના વિકલ્પથી લાભ થશે.

બેંગલુરુ-મુંબઈ વંદે ભારત સ્લીપર એક્સપ્રેસને લીલી ઝંડી દર્શાવવી એ આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર, અદ્યતન ટેક્નોલોજી અને સુધારેલી કનેક્ટિવિટી દ્વારા મુસાફરોના પરિવહનમાં પરિવર્તન લાવવાના ભારતીય રેલવેના ચાલુ પ્રયાસોમાં વધુ એક મહત્વપૂર્ણ માઈલસ્ટોન છે. ભારતીય રેલવે એક આધુનિક, કાર્યક્ષમ, સુરક્ષિત અને મુસાફર-કેન્દ્રિત પરિવહન નેટવર્ક વિકસાવવા માટે પ્રતિબદ્ધ છે જે ભારતની આર્થિક વૃદ્ધિને ટેકો આપે છે અને ઉભરતા પ્રાદેશિક હબ સાથે મહાનગરીય કેન્દ્રોને જોડે છે.

અમદાવાદ સ્થિત SPIPA ખાતે જનગણના ૨૦૨૭ માટે 'માસ્ટર ટ્રેનરો'ની તાલીમની અંતિમ બેચનો પ્રારંભ

કમલમ્, અમદાવાદ

જનગણના ૨૦૨૭ માટે 'માસ્ટર ટ્રેનરો'ની તાલીમના કાર્યક્રમની ત્રીજી અને અંતિમ બેચનો અમદાવાદમાં સરદાર પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન (SPIPA) ખાતે પ્રારંભ થયો છે. આ વ્યાપક તાલીમ પહેલનો અંતિમ તબક્કો છે, જેનો ઉદ્દેશ્ય ગુજરાત રાજ્ય અને દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવ (DNH&DD) સંઘ પ્રદેશના કુલ ૯૨ 'માસ્ટર ટ્રેનરો'ને જનગણના ૨૦૨૭ના બીજા તબક્કા માટે સજ્જ કરવાનો છે. સમગ્ર તાલીમ કાર્યક્રમને ત્રણ બેચમાં વહેંચવામાં આવ્યો હતો, જેથી ઉચ્ચ ગુણવત્તાયુક્ત અને કેન્દ્રિત તાલીમ સુનિશ્ચિત કરી શકાય. ૨૭થી ૩૦ ઓક્ટોબર ૨૦૨૬ દરમિયાન યોજાયેલ પ્રથમ બે બેચની સફળ સમાપ્તિ બાદ, હવે અંતિમ બેચ માટે ૨ થી ૫ નવેમ્બર ૨૦૨૬ દરમિયાન સઘન તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે. આ અગાઉ, જનગણના કાર્ય નિર્દેશાલય, ગુજરાતના નિયામક (Director of Census Opeaions) શ્રી સુજલ જે. મયાત્રા એ ૪ દિવસીય તાલીમ મોડ્યુલનું અધિકૃત ઉદ્ઘાટન કર્યું હતું. પોતાના સંબોધનમાં, નિયામક શ્રીએ તાલીમ પ્રક્રિયામાં 'માસ્ટર ટ્રેનરો'ની મહત્વપૂર્ણ ભૂમિકા પર પ્રકાશ પાડ્યો હતો અને ભારપૂર્વક જણાવ્યું હતું કે તેમનું નેતૃત્વ ફિલ્ડ ડેટા (ક્ષેત્રીય માહિતી)ની ગુણવત્તા પર સીધી અસર કરે છે. વસ્તીની ગણતરીના તબક્કા દરમિયાન ૪૦ પ્રશ્નો પૂછવાના હોવાથી, તેમણે ખાસ ભાર મૂક્યો હતો કે 'સ્વ-ગણતરી' (self-enume®aion)માં જાહેર જનતાની મહત્તમ ભાગીદારી સુનિશ્ચિત કરવી એ ફિલ્ડ એન્યુમરેટર્સ (ગણતરીદારો) પરનો કાર્યભાર ઘટાડવા અને ડેટાની ચોક્સાઈમાં નોંધપાત્ર સુધારો કરવા માટેની ચાવી છે. તેમણે તમામ માસ્ટર ટ્રેનરોને પણ અનુરોધ કર્યો કે તેઓ સ્વ-ગણતરી (self-enumeaion)ના દરમાં વધારો કરવા માટે વ્યૂહાત્મક



પ્રતિસાદ અને અમલમાં મૂકી શકાય તેવા વિચારોનું યોગદાન આપે. તમામ બેચમાં તાલીમ સત્રો જનગણના કાર્ય નિર્દેશાલય, ગુજરાતના પાંચ 'નેશનલ ટ્રેનરો'ના પેનલ દ્વારા આપવામાં આવી રહી છે. આ પેનલમાં સંયુક્ત નિયામક શ્રીમતી ભારતી ઠાકરે, સંયુક્ત નિયામક ડૉ. સંચિતા સરકાર, નાયબ નિયામક શ્રી મનોજ ભગોરા, નાયબ નિયામક શ્રી અશોક રાણા અને નાયબ નિયામક શ્રીમતી નીલિમા ચૌરસિયાનો સમાવેશ થાય છે. આ અંતિમ બેચ સાથે, જનગણના ૨૦૨૭ની પ્રક્રિયાઓનું એકસમાન અને વ્યવસ્થિત અમલીકરણ સુનિશ્ચિત કરવા માટે જરૂરી તાલીમ કાર્ય પૂર્ણ થાય છે. આ માસ્ટર ટ્રેનરો હવે સમગ્ર પ્રદેશમાં ફિલ્ડ કર્મચારીઓને તાલીમ આપશે, જેનાથી જનગણનાની પ્રક્રિયા સુચારુ અને પ્રમાણિત રીતે હાથ ધરવા માટેનો પાયો તૈયાર થશે.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલનો વિદ્યાર્થી હિતલક્ષી સંવેદનશીલ અભિગમ

કમલમ્, ગાંધીનગર,

વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ તથા કલ્યાણ અર્થે તેમના માનસિક સ્વાસ્થ્યની જાળવણી અને આત્મહત્યા નિવારણ માટે ગુજરાત સરકારે એક મહત્વનો નિર્ણય લીધો છે. આ નિર્ણય અન્વયે હવે રાજ્યની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય કલ્યાણ અને આત્મહત્યા નિવારણ માટે ખાસ વ્યવસ્થા ઉભી કરવી ફરજિયાત બનશે. ઉલ્લેખનીય છે કે પરીક્ષાઓમાં વધતી જતી સ્પર્ધા વચ્ચે, વિદ્યાર્થીઓનું માનસિક સ્વાસ્થ્ય ગંભીર ચિંતાનો વિષય બની રહ્યું છે. પરીક્ષાઓની તૈયારી, ઉચ્ચ ગુણ મેળવવાની સ્પર્ધા, સોશિયલ મીડિયાનો વધુ પડતો ઉપયોગ, સામાજિક-આર્થિક પરિસ્થિતિઓ, ભવિષ્યની ચિંતા અને પરિવારની અપેક્ષાઓને કારણે ઘણા વિદ્યાર્થીઓ માનસિક તણાવ, પ્રદર્શન સંબંધિત ચિંતા, આત્મવિશ્વાસના અભાવ અને હતાશા જેવા લક્ષણોનો સામનો કરી રહ્યા છે. રાજ્યની ભાવી પેઢી અને આવતીકાલના વિકસિત ગુજરાતના ઘડવૈયા એટલે કે આજના વિદ્યાર્થીઓની આ જ્વલંત સમસ્યા પ્રત્યે સંવેદનશીલ અભિગમ અપનાવતા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં શિક્ષણ વિભાગ દ્વારા મજબૂત પગલાં લેવામાં આવ્યા છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ અને શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમનભાઈ વાજા અને શિક્ષણ રાજ્ય મંત્રી શ્રીમતિ રિવાબા જાડેજાના માર્ગદર્શનમાં રાજ્યના શિક્ષણ વિભાગે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો, ૧૯૭૪માં નવી જોગવાઈ તરીકે વિનિયમ-૧૯(અ) ઉમેર્યો છે. આ સાથે પરિશિષ્ટ-૮માં વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય કલ્યાણ તથા આત્મહત્યા નિવારણ માટે વિગતવાર વ્યવસ્થા નક્કી કરવામાં આવી છે. આ જોગવાઈ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સાથે સંલગ્ન ધોરણ ૯-૧૦ની માધ્યમિક તથા ધોરણ ૧૧-૧૨ની ઉચ્ચતર માધ્યમિક શાળાઓને લાગુ પડશે. સુપ્રીમ કોર્ટના એક ચુકાદામાં તમામ શૈક્ષણિક સંસ્થાઓ માટે જાહેર કરવામાં આવેલી વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય અને આત્મહત્યા નિવારણ અંગેની ૧૫ બંધનકર્તા માર્ગદર્શિકાઓ તથા ચાર નિષ્ઠાને અનુલક્ષીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. કેન્દ્ર સરકારના કાયદા અને ન્યાય મંત્રાલયે આ ચુકાદાના અમલ માટે રાજ્યોને સૂચના આપી હતી. NCERT દ્વારા તૈયાર કરવામાં આવેલી UMMEED એટલે કે nde®sand (સમજો), MOivate (પ્રેરણ આપો), Manage (વ્યવસ્થા કરો), Empathise (સહાનુભૂતિ આપો), Empower (સશક્ત બનાવો), Develop (વિકાસ કરો) માર્ગદર્શિકાઓને પણ આધારરૂપ સંદર્ભતરીકે સ્વીકારવામાં આવી છે.

શું છે નવી જોગવાઈ?

વિનિયમ ૧૯(અ) મુજબ, "વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ તથા કલ્યાણ અર્થે તેમના માનસિક સ્વાસ્થ્યની જાળવણી અને સુરક્ષા સર્વોપરી છે. વિદ્યાર્થીઓ તણાવમુક્ત વાતાવરણમાં અભ્યાસ કરી શકે તે માટે નિયમિત કાઉન્સેલિંગ, જાગૃતિ કાર્યક્રમો અને સમયસર માનસિક સ્વાસ્થ્ય, સુરક્ષા અને તણાવમુક્ત વાતાવરણનું નિર્માણ કરવા પરિશિષ્ટ-૮ માં દર્શાવેલ જોગવાઈઓ અંતર્ગત નિયત કાર્યવાહી કરવાની રહેશે. જેથી માનસિક તણાવમાં રહેતા અને આત્મહત્યા જેવા નકારાત્મક વિચારો ધરાવતા વિદ્યાર્થીઓની વહેલી ઓળખ કરી, તેમને ત્વરિત અને સંવેદનશીલ સંસ્થાકીય મદદ પૂરી પાડી શકાય."

દરેક શાળામાં બનશે 'સ્કૂલ વેલનેસ ટીમ'

નવી વ્યવસ્થા મુજબ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ (GSHSEB) માં રજિસ્ટર્ડ થયેલ ધોરણ ૯ થી ૧૨ ની દરેક શાળામાં ફરજિયાત 'સ્કૂલ વેલનેસ ટીમ' (SWT) ની રચના કરવાની રહેશે. શાળા કક્ષાએ વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય અને તેમના જીવનની સુખાકારીની જાળવણી ઉપરાંત આત્મહત્યા અથવા અન્ય ગંભીર જોખમી પરિસ્થિતિમાં ત્વરિત અને અસરકારક કાર્યવાહી થઈ શકે તે માટે ટીમને તાલીમબદ્ધ કરવામાં આવશે. સ્કૂલ વેલનેસ ટીમમાં શાળાના આચાર્ય ટીમ લીડર અને શાળા કાઉન્સેલર અથવા નિયત કરેલ શિક્ષક ટીમ કો-ઓર્ડિનેટર તરીકે રહેશે, જ્યારે કે સભ્ય તરીકે માધ્યમિક (ધો. ૯-૧૦) અને ઉચ્ચતર માધ્યમિક (ધો. ૧૧-૧૨) માં થી એક-એક શિક્ષક, શાળા વ્યવસ્થાપન સમિતિ (SMC) ના એક પ્રતિનિધિ, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકમાંથી એક-એક પીઅર મોનિટર અથવા લીડર (મનો-મિત્ર) અને એક બિન-શૈક્ષણિક કર્મચારીનો સમાવેશ થશે. દરવર્ષે શૈક્ષણિક સત્રના પ્રારંભે SWT ની રચના કરવાની રહેશે અને તેની કામગીરીની વાર્ષિક સમીક્ષા કરવી ફરજિયાત રહેશે.

'મનો-મિત્ર' બનશે વિદ્યાર્થીઓનો ભાવનાત્મક સહારો

UMMEED ગાઈડલાઈનના અનુસંધાને શાળા કક્ષાએ 'પીઅર સપોર્ટ' ની અસરકારક વ્યવસ્થા પ્રસ્થાપિત કરવા અર્થે 'મનો-મિત્ર' ની નિયુક્તિ કરવાની રહેશે. મનો-મિત્ર વિદ્યાર્થીઓને પ્રાથમિક સ્તરે ભાવનાત્મક સહયોગ પૂરો પાડશે, જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન તેમજ ઉપચારાત્મક પગલાં તરફ દોરી જશે તેમજ સહપાઠીઓ વચ્ચે સૌહાર્દપૂર્ણ સંબંધો અને પરસ્પર સહકારની ભાવના સુદૃઢ કરશે.

૧૦૦થી વધુ વિદ્યાર્થી હોય તો કાઉન્સેલર ફરજિયાત

૧૦૦ કે તેથી વધુ વિદ્યાર્થીઓની સંખ્યા ધરાવતી શાળાઓમાં, બાળ અને કિશોરાવસ્થાના માનસિક સ્વાસ્થ્ય વિષયક તાલીમ મેળવેલ ઓછામાં ઓછા એક લાયકાત ધરાવતા કાઉન્સેલર, મનોવૈજ્ઞાનિક અથવા સામાજિક કાર્યકર્તાની નિયુક્તિ કરવી ફરજિયાત રહેશે. જ્યારે કે ૧૦૦ થી ઓછી વિદ્યાર્થી સંખ્યા ધરાવતી શાળાઓએ બાહ્ય માનસિક સ્વાસ્થ્ય વ્યાવસાયિકો (મેન્ટલ હેલ્થ પ્રોફેશનલ્સ), નજીકના સામુદાયિક આરોગ્ય કેન્દ્ર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, જિલ્લા માનસિક સ્વાસ્થ્ય કાર્યક્રમ તેમજ 'ટેલી-માનસ' સેવાઓ સાથે ઔપચારિક રેફરલ જોડાણ પ્રસ્થાપિત કરવાનું રહેશે. ખાસ કરીને બોર્ડની પરીક્ષાઓ, પરિણામની જાહેરાત અને ધોરણ ૮ માંથી ૯ માં અને ધોરણ ૧૦ માંથી ૧૧ માં પ્રવેશ વખતના સંક્રમણ સમયગાળા દરમિયાન વિદ્યાર્થીઓના નાના જૂથો માટે સમર્પિત માર્ગદર્શક અથવા કાઉન્સેલર ફાળવવાના રહેશે.

માર્કસના આધારે ભેદભાવ કરી શકાશે નહીં

નવી જોગવાઈમાં સકારાત્મક શાળા વાતાવરણ પર ખાસ ભાર મુકવામાં આવ્યો છે. 'શાળા વહીવટીતંત્ર દ્વારા વિદ્યાર્થીઓના શૈક્ષણિક દેખાવ, પરીક્ષાના પરિણામો અથવા મેળવેલ ગુણના આધારે વર્ગખંડની અંદર કે બહાર કોઈપણ પ્રકારનું વિભાજન (સેગ્રીગેશન) કરી શકાશે નહીં. તદુપરાંત, કોઈ પણ વિદ્યાર્થીના શૈક્ષણિક સ્તરના આધારે તેનું સાર્વજનિક રીતે અપમાન, અન્ય સાથે સરખામણી અથવા કલંકિત કરી શકાશે નહીં. શાળા કક્ષાએ એવી કોઈપણ પ્રવૃત્તિ, પ્રથા કે વ્યવસ્થા અમલી બનાવી શકાશે નહીં જેના કારણે વિદ્યાર્થીઓમાં માનસિક તણાવ, વ્યગ્રતા (ચિંતા), લઘુતાગ્રંથિ (હીનભાવ), ભય અથવા ભાવનાત્મક અસુરક્ષા કી લાગણી જન્મે. તેના સ્થાને, તમામ વિદ્યાર્થીઓ પ્રત્યે સમાનતા, ગૌરવ, પ્રોત્સાહન અને સહયોગાત્મક અભિગમ અપનાવવો ફરજિયાત રહેશે.' વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્યની સુખાકારી જાળવી રાખવા માટે યોગ, ધ્યાન, કલા, સંગીત, બાગકામ, નૃત્ય, રમતગમત તેમજ 'ખેલ મહાકુંભ', 'ફિનિશિંગ સ્કૂલ', 'સપ્તધારા', 'પરીક્ષા પે ચર્ચા', 'એન.એસ.એસ.', 'એન.સી.સી.', સ્કાઉટ-ગાઈડ અને સમાજસેવા જેવી સહ-શૈક્ષણિક તથા ઈતર પ્રવૃત્તિઓનું શાળા કક્ષાએ નિયમિતપણે આયોજન કરવું ફરજિયાત રહેશે. આ સાથે વિદ્યાર્થીઓ તેમની લાગણીઓ, ચિંતાઓ, મુશ્કેલીઓ તથા માનસિક-ભાવનાત્મક જરૂરિયાતોની નિર્ભીક અને ગોપનીય રીતે રજૂઆત કરી શકે તે માટે શાળા કાઉન્સેલર અથવા નિયુક્ત માર્ગદર્શક શિક્ષક સુધી સરળતાથી પહોંચ તથા હેલ્પ બોક્સ (સૂચન પેટી) જેવી વ્યવસ્થા પણ કરવાની રહેશે. આ ઉપરાંત સરકારી રીતે જાહેર કરવામાં આવેલા ચાઈલ્ડ હેલ્પલાઈન નંબર અને જીઉના સંપર્ક નંબર શાળાની વેબસાઈટ, નોટિસ બોર્ડ, વર્ગખંડ, હોસ્ટેલ અને કાઉન્સેલિંગ રૂમમાં સ્પષ્ટ રીતે દર્શાવવાના રહેશે.

ક્ષમતા નિર્માણ-ફરજિયાત તાલીમ અને તાત્કાલિક પ્રતિસાદ પ્રોટોકોલ

શાળાના તમામ શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક કર્મચારીઓએ વર્ષમાં ઓછામાં ઓછા બે વખત પ્રમાણિત માનસિક સ્વાસ્થ્ય વ્યાવસાયિકો પાસેથી તાલીમ ફરજિયાત લેવાની રહેશે. શાળાએ સાઈકોલોજિકલ ફર્સ્ટ એઈડ, વોર્નિંગ સાઈન્સની ઓળખ, સેલ્ફ-હાર્મ (સ્વ-ક્ષતિ) સામે પ્રતિસાદ અને રેફરલ મેકેનિઝમ વગેરે વ્યવસ્થા ઉપલબ્ધ રાખવાની રહેશે. કોઈ વિદ્યાર્થી દ્વારા સ્વ-ક્ષતિ (આત્મહાનિ), આત્મહત્યાના વિચારો, ગંભીર માનસિક તાણ અથવા અન્ય કોઈ જોખમી વર્તણૂક સંબંધી એક પણ ચેતવણીરૂપ સંકેત પ્રદર્શિત કરવામાં આવે, તો તેને અત્યંત ગંભીરતાથી લઈ તાત્કાલિક ધોરણે જરૂરી કાર્યવાહી કરવી અનિવાર્ય રહેશે. આત્મહાનિનો પ્રયાસ થયાની સ્થિતિમાં વિદ્યાર્થીને કોઈ પણ સંજોગોમાં એકલો ન છોડવાની અને જરૂરિયાત મુજબ તાત્કાલિક તબીબી અથવા આપાતકાલીન સેવાઓની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે. વિદ્યાર્થીના માનસિક સ્વાસ્થ્ય, કાઉન્સેલિંગ અથવા અન્ય કોઈ સંવેદનશીલ વ્યક્તિગત માહિતીની ગોપનીયતા જાળવવી ફરજિયાત રહેશે. આવી માહિતી માત્ર વિદ્યાર્થીની સુરક્ષા, સારવાર, કાઉન્સેલિંગ અથવા કલ્યાણ સાથે સીધી રીતે સંકળાયેલા અધિકૃત વ્યક્તિઓ સાથે જ વહેંચી શકાશે. આત્મહત્યાની ઘટના બાદ અન્ય વિદ્યાર્થીઓ, શિક્ષકો, કર્મચારીઓ અને અસરગ્રસ્ત પરિવારજનો માટે ઘટના પછીની સંભાળ (Postvention) પ્રક્રિયા હેઠળ જરૂરી માનસિક, ભાવનાત્મક અને સામાજિક સહાય આપવાની રહેશે. ઘટનાની માહિતીનું સંચારણ તથ્યાધારિત અને જવાબદારીપૂર્વક કરવાનું રહેશે. મીડિયા સાથેનો સંપર્ક માત્ર આચાર્ય અથવા અધિકૃત અધિકારી મારફતે જ કરવાનો રહેશે અને ઘટનાની પદ્ધતિ, સ્થળ, ફોટોગ્રાફ્સ અથવા વ્યક્તિગત સંવેદનશીલ વિગતો જાહેર કરી શકાશે નહીં.

ફરિયાદ નિવારણ અને સંસ્થાકીય જવાબદારી

આ ઉપરાંત, જાતીય સતામણી, રેગિંગ, બુલિંગ, સાયબર બુલિંગ તેમજ જાતિ, વર્ગ, લિંગ, ધર્મ, ભાષા, સામાજિક-આર્થિક સ્થિતિ અથવા દિવ્યાંગતા સહિતના કોઈપણ આધાર પર થતા ભેદભાવ કે હેરાનગતિ સામે મજબૂત, ગોપનીય અને સુલભ ફરિયાદ નિવારણ વ્યવસ્થા કરવી ફરજિયાત રહેશે. શાળાએ સમયબદ્ધ અને નિષ્પક્ષ તપાસ સુનિશ્ચિત કરવાની રહેશે. જો શાળાને જોખમી પરિસ્થિતિઓની જાણ હોવા છતાં અથવા જાણ હોવી જોઈએ તેવી પરિસ્થિતિ હોવા છતાં, સમયસર અને યોગ્ય કાર્યવાહી કરવામાં નિષ્ફળતા જણાય, અને તે નિષ્ફળતા વિદ્યાર્થીને થયેલ ગંભીર નુકસાન, આત્મહાનિ અથવા આત્મહત્યાની ઘટનામાં નોંધપાત્ર પરિબળ સાબિત થાય, તો તેને 'સંસ્થાકીય દોષ' ગણવામાં આવશે અને સંબંધિત શાળા અથવા જવાબદાર અધિકારીઓ સામે કાયદા અને નિયમો મુજબ શિક્ષાત્મક કે કાનૂની કાર્યવાહી હાથ ધરી શકાશે. વિદ્યાર્થીઓ પરના શૈક્ષણિક અને કારકિર્દી સંબંધિત દબાણને ઘટાડવા માટે નિયમિત કારકિર્દી માર્ગદર્શનની પણ જોગવાઈ કરવામાં આવી છે. શાળાઓએ વિવિધ શૈક્ષણિક, વ્યવસાયિક, કૌશલ્ય આધારિત અને ઉદ્યોગસાહસિકતાના વિકલ્પો અંગે વિદ્યાર્થીઓને માહિતી આપવાની રહેશે.

દેખરેખ, અમલીકરણ અને અનુપાલન

વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય, કલ્યાણ અને આત્મહત્યા નિવારણ સંબંધી માર્ગદર્શિકાઓના અસરકારક અમલીકરણ, નિરીક્ષણ-દેખરેખ માટે જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં 'જિલ્લા-સ્તરીય દેખરેખ સમિતિ' રહેશે. આ સમિતિ વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં વિનિયમોના અમલીકરણની સમીક્ષા કરશે, આવશ્યક માર્ગદર્શન અને સંકલન પૂરું પાડશે, ફરિયાદો અને ગંભીર બનાવો પર નજર રાખશે તથા જરૂરી ભલામણો અને સુધારાત્મક પગલાં સૂચવશે. સમિતિની સૂચનાઓનું અક્ષરશઃ પાલન તમામ શાળાઓ માટે ફરજિયાત રહેશે.

રાષ્ટ્રગૌરવનું પ્રતિક: સ્ટેચ્યુ ઓફ યુનિટી સરદાર સાહેબની અખંડ વિચારધારાનો જીવંત સંદેશ આપે છે - મંત્રી પ્રફુલ પાનશેરિયા





કમલમ્, ભરૂચ

ભારતના લોખંડી પુરુષ માનનીય શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ નિમિત્તે સમગ્ર દેશમાં યોજાઈ રહેલ 'રાષ્ટ્રીય એકતા દિવસ'ની ઉજવણીના ભાગરૂપે ભરૂચ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ભરૂચ શહેરમાં વિવિધ પ્રેરણાદાયી અને શ્રેણીબદ્ધ કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અન્વયે રાજ્ય આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરિયાની ઉપસ્થિતિમાં ભરૂચ શહેર ખાતે ભારતના લોખંડી પુરુષ અને રાષ્ટ્રીય એકતાના પ્રતિક એવા સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતિ નિમિતે ભવ્ય એકતા યાત્રા યોજાઈ હતી. સાથે જ ગ્રામ પંચાયત, તાલુકા અને નગરપાલિકા કક્ષાએ પણ એકતા યાત્રાનું આયોજન કરાયું હતું. કાર્યક્રમના પ્રારંભે રાજ્યના માર્ગદર્શક અને આરોગ્ય મંત્રીશ્રીની ગરિમામય અધ્યક્ષતામાં એકતા રેલીનું પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. આ એકતા રેલી શહેરના દૂધધારા ડેરી ગ્રાઉન્ડથી શરૂ થઈને આત્મીય હોલ, ભરૂચ ખાતે ઉત્સાહભેર સંપન્ન થઈ હતી. રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાનો સંદેશને જનજન સુધી પહોંચાડવાના દેશભક્તિના ગીતો સાથે નગરના માર્ગો પરથી યોજાયેલ આ ભવ્ય 'એકતા પરેડ'ને સ્થાનિકોએ વધાવી હતી. આ રેલીમાં મોટી સંખ્યામાં નાગરિકો, યુવાનો અને વહીવટી તંત્રના અધિકારીઓ જોડાયા હતા અને રાષ્ટ્રીય એકતા તેમજ અખંડિતતાના સંદેશને બુલંદ બનાવ્યો હતો. રેલીના સમાપન બાદ આત્મીય હોલ ખાતે મુખ્ય કાર્યક્રમ અને સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન આપનાર મહાનુભાવોનું સ્થાનિક તંત્ર દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. આ તકે રાજ્ય આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરિયા એ લોખંડી પુરુષના રાષ્ટ્ર પ્રત્યેના સમર્પણ, નિષ્કામ કર્મયોગ અને અખંડ ભારતના નિર્માણના અદભુત યોગદાનને ભાવપૂર્વક યાદ કરીને તેમને વંદન કર્યા હતા. દેશની આઝાદી બાદ ૫૬૨ જેટલા રજવાડાઓને એક તાંતણે બાંધીને, એક પણ લોહીનું ટીપું વહાવ્યા વિના અખંડ ભારતનું નિર્માણ કરવામાં સરદાર સાહેબનું યોગદાન અદ્વિતીય અને ઐતિહાસિક રહ્યું છે. ભારપૂર્વક જણાવ્યું કે, દેશની આઝાદીની ચળવળમાં દાંડી કૂચ હોય કે 'ભારત છોડો' આંદોલન, તેમજ બારડોલી સત્યાગ્રહ જેવી વિકટ પરિસ્થિતિઓમાં ખેડૂતો અને જનતાની પડખે ઊભા રહીને તેમને ન્યાય અપાવવામાં સરદાર સાહેબ હંમેશા અગ્રેસર રહ્યા હતા. ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહજી દ્વારા સૌપ્રથમ પોતાનું રજવાડું દેશને સમર્પિત કરવાના નિર્ણયથી શરૂ થયેલા આ મહાયજ્ઞમાં રાજાઓ અને જનતાએ આપેલું યોગદાન "એક ભારત, શ્રેષ્ઠ ભારત"ના નિર્માણનો પાયો બન્યું છે. તેમણે વિશેષ ઉલ્લેખ કરતાં કહ્યુ કે, કેવડિયા ખાતે નિર્મિત ૧૮૨ મીટર ઊંચી વિશ્વની સૌથી મોટી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' માત્ર એક શિલ્પ નથી, પરંતુ તે સરદાર સાહેબની મહાન વિચારધારા અને રાષ્ટ્રવાદનો સંદેશો સમગ્ર વિશ્વને આપી રહી છે. અંતે કહ્યું કે, આ પાવન અવસરે જ્ઞાતિ, જાતિ, ભાષા અને પ્રાંતના ભેદભાવો તેમજ પરસ્પર દ્વેષની ભાવના છોડીને, ભારતીય સંસ્કૃતિના "વસુધૈવ કુટુમ્બકમ" અને "બહુજન હિતાય, બહુજન સુખાય"ના મંત્રને અપનાવવાનો સંકલ્પ લેવા અનુરોધ કર્યો. આ ઉજવણીના વિશેષ ભાગરૂપે એકતા નગર (કેવડિયા) ખાતેથી આયોજિત રાષ્ટ્રીય કક્ષાની "એકતા પરેડ" તેમજ વિવિધ સાંસ્કૃતિક પ્રસ્તુતિઓનું સભાખંડમાં લાઈવ પ્રસારણ દર્શાવવામાં આવ્યું હતું. ત્યારબાદ સાંજે દેશના માનનીય વડાપ્રધાનશ્રીનું રાષ્ટ્રજોગ સંબોધન (લાઈવ પ્રસારણ) ઉપસ્થિત સૌ મહાનુભાવો અને નાગરિકોએ નિહાળ્યું હતું. આ એકતા યાત્રા અને અન્ય કાર્યક્રમમાં જિલ્લા કલેકટર શ્રી નવનાથ ગવ્હાણે, જિલ્લા વિકાસ અધિકારી શ્રી યોગેશ કાપસે, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી અક્ષયરાજ મકવાણા, નિવાસી અધિક કલેકટર શ્રી આર.બી. ભોગયતાં, જિલ્લાના પદાધિકારીઓ, અધિકારીઓ, સ્થાનિક આગેવાનો તેમજ અધિકારીશ્રીઓ-કર્મચારીઓ, વિવિધ ક્ષેત્રના મહાનુભાવો તેમજ બહોળી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે પાટણ જિલ્લાના શંખેશ્વર જૈન મહાતીર્થમાં ભગવાન પાર્શ્વનાથ દાદાના આશીર્વાદ લીધા

સુપ્રસિદ્ધ શંખેશ્વર તીર્થધામમાં મુખ્યમંત્રીશ્રીની આસ્થાભરી મુલાકાત: રાજ્યની જનતાની સુખાકારી માટે કરી પ્રાર્થના





કમલમ્, પાટણ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે પાટણ જિલ્લામાં સ્થિત વિશ્વવિખ્યાત અને પરમ પવિત્ર શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન મહાતીર્થની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે ભગવાન શ્રી પાર્શ્વનાથ દાદાના ચરણોમાં શીશ ઝુકાવી અત્યંત શ્રદ્ધાપૂર્વક દર્શન કર્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ શંખેશ્વર મહાતીર્થમાં ભગવાન શ્રી પાર્શ્વનાથ દાદાની શાસ્ત્રોક્ત વિધિ મુજબ પૂજા અને અર્ચના કરી હતી. તેમણે આ અવસરે દાદાના ચરણોમાં વંદન કરી સમગ્ર ગુજરાતની જનતાની સુખાકારી, સમૃદ્ધિ અને કલ્યાણ માટે હૃદયપૂર્વક પ્રાર્થના કરી હતી. આ ધાર્મિક મુલાકાત સમયે મુખ્યમંત્રીશ્રીએ તીર્થની પવિત્રતા અને તેના આધ્યાત્મિક મહત્વ વિશે પણ આદરભાવ વ્યક્ત કર્યો હતો. મુલાકાત દરમિયાન મુખ્યમંત્રીશ્રીનું તીર્થધામના ટ્રસ્ટીશ્રીઓ, આગેવાનો તેમજ સ્થાનિકો દ્વારા ઉત્સાહભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. પૂજા-અર્ચના બાદ તેમણે તીર્થ પરિસરની મુલાકાત લઈ ઉપસ્થિત શ્રદ્ધાળુઓ સાથે પણ સૌજન્ય મુલાકાત યોજી હતી. આ તકે ધારાસભ્ય શ્રી લવિંગજી ઠાકોર, જિલ્લા વિકાસ અધિકારી શ્રી સી. એલ. પટેલ, પૂર્વ મંત્રી શ્રી દિલીપભાઈ ઠાકોર, અગ્રણી સર્વે શ્રી શ્રીયંકભાઈ શેઠ, દેવલભાઈ શેઠ, રાજેન્દ્રભાઈ શાહ, , શેઠ જીવણદાસ ગોડીદાસ શંખેશ્વર પાર્શ્વનાથ ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રીઓ સહિત સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે ડભોઈ ખાતે એકતા દોડને ફ્લેગ ઓફ કરાવતા નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી

સરદાર સાહેબના એકતાના વિઝન સાથે વડાપ્રધાનશ્રીના ૨૦૪૭ના વિકાસના વિઝનમાં સૌ લોકો એક થઈને દેશને આગળ વધારવાની અપીલ કરતા નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી



કમલમ્, વડોદરા,

અખંડ ભારતના શિલ્પી અને લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ નિમિત્તે સમગ્ર રાજ્ય સાથે વડોદરા જિલ્લામાં પણ 'રાષ્ટ્રીય એકતા દિવસ'ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના સહિત ધારાસભ્યશ્રી શૈલેષ મહેતા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી આનંદ પાટીલ, જિલ્લા પોલીસ અધિક્ષક ગ્રામ્ય સુશીલ અગ્રવાલ તથા અન્ય મહાનુભાવોએ ડભોઈ કોલેજ ગ્રાઉન્ડ ખાતેથી રન ફોર યુનિટીનો પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીએ પ્રાસંગિક ઉદબોધન કરતા જણાવ્યું હતું કે, આજે આપણે સૌ લોકો એક વિશેષ દોડ માટે અહીંયા એકત્રિત થયા છીએ આ કોઈ સરકારી કે રાજકીય કે કોઈ સમાજનો કાર્યક્રમ નથી, આજનો કાર્યક્રમ આપણે સૌ લોકો એક છે એનો સંદેશ આપે છે. આપણા સરદાર સાહેબે ૫૬૨ રજવાડાઓ એક કર્યા, આપણા ભારત દેશને એક બનાવ્યો ત્યારે આજે એમની ૧૫૧મી જન્મ જયંતિના દિને એક સંકલ્પ લઈએ કે, આવનારી બધી જ પેઢીઓ આપણે એક રહીને ભારતના વિકાસની દોડમાં હંમેશા સહભાગી થઈશું. આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સરદાર સાહેબની દુનિયાની સૌથી મોટી ગગનચુંબી પ્રતિમા બનાવી છે. જે દેશ આપણા પર રાજ કરતો હતો એ દેશના લોકો પણ આવી-આવીને સરદાર સાહેબને વંદન નમન કરતા હોય છે. દર વર્ષે લાખોની સંખ્યામાં દુનિયાભરથી લોકો સરદાર સાહેબને સમજવા, એમની પ્રતિમાને જોવા આવે જે આપણા સૌ માટે ખૂબ ગૌરવની વાત છે. તેમણે વધુમાં સૌને વિનંતી કરી હતી કે, આ એકતા દોડ એ માત્ર આજના દિવસે નહીં, પરંતુ સરદારશ્રીના વિચારો આપણે આખા વર્ષ દરમિયાન આપણામાં જીવંત રાખીએ અને દેશના વિકાસમાં એક ભારતીય તરીકે આપણે સૌ લોકો સાથે મળીને કામગીરીમાં જોડાઈએ. અંતે તેમણે સરદાર સાહેબના એકતાના વિઝનની સાથે વડાપ્રધાનશ્રીના ૨૦૪૭ના વિકાસના વિઝનમાં સૌ લોકો એક થઈને દેશને આગળ વધારીએ એમ જાહેર અપીલ કરી હતી. આ કાર્યક્રમ અંતર્ગત નાયબ મુખ્યમંત્રીશ્રી સહિત મહાનુભાવો એ અખંડ ભારતના ઘડવૈયા ભારત રત્નશ્રી સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને સાદર પુષ્પાંજલિ અર્પણ કરી હતી. ઉપસ્થિત સૌએ 'એકતા શપથ' ગ્રહણ કર્યા હતા. ડભોઈ કોલેજ ગ્રાઉન્ડથી પ્રારંભ થયેલી એકતા યાત્રા આર્ટસ એન્ડ સાયન્સ કોલેજથી એ.પી.એમ.સી.થી સરદાર પટેલની પ્રતિમાથી રાધે કોમ્પ્લેક્ષ થઈ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ ખાતે સમાપન કરવામાં આવી હતી. એકતા દોડમાં વિશાળ સંખ્યામાં વિદ્યાર્થીઓ અને નાગરિકો, પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ સહભાગી થયા હતા.

પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે નવગઠિત અમદાવાદ હેરિટેજ સિટી ડાક મંડળ તથા પોસ્ટમાસ્ટર જનરલ (લોજિસ્ટિક્સ) ઓફિસ નું કર્યું ઉદ્ઘાટન

ઉત્તર ગુજરાત પરિક્ષેત્ર ગુજરાત સર્કલનું સૌથી મોટું ડાક પરિક્ષેત્ર બન્યું; ભાવનગર અને સુરેન્દ્રનગર ડાક મંડળોનો પણ તેમાં સમાવેશ – પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ



કમલમ્,

ભારતીય ટપાલ વિભાગે સ્પર્ધાત્મક વાતાવરણમાં સેવા વિતરણને વધુ સુદ્રઢ બનાવવા, વ્યાપારિક પ્રવૃત્તિઓના વિસ્તરણ, કાર્યક્ષમતામાં વધારો તથા આવકમાં સતત વૃદ્ધિ સુનિશ્ચિત કરવાના ઉદ્દેશ્ય સાથે સમગ્ર દેશમાં વહીવટી વ્યવસ્થાને વધુ અસરકારક અને પરિણામલક્ષી બનાવવા માટે વહીવટી એકમોનું પુનર્ગઠન કર્યું છે. આ જ ક્રમમાં ગુજરાત સર્કલમાં અમદાવાદ, વડોદરા અને રાજકોટ ઉપરાંત સુરત ખાતે નવા ડાક પરિક્ષેત્રની રચના કરવામાં આવી છે. ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું હતું કે, ડાક વિભાગે લોજિસ્ટિક્સ વ્યવસાયને પ્રાથમિકતા આપતાં પોસ્ટમાસ્ટર જનરલ (લોજિસ્ટિક્સ), ગુજરાત સર્કલ તથા નિદેશક (સેલ્સ)ના નવા પદો અને તેમના માટે ઓફિસોની સ્થાપનાને મંજૂરી આપી છે. ગુજરાતમાં પાંચ નવા પોસ્ટલ વિભાગો– અમદાવાદ હેરિટેજ સિટી, અમદાવાદ ઉત્કર્ષ, દાહોદ, સુરત (પૂર્વ) અને ગાંધીધામની રચના કરવામાં આવી છે. વહીવટી પુનર્ગઠનની આ નવી વ્યવસ્થા ૧ નવેમ્બર, ૨૦૨૬થી અમલી બનશે. અમદાવાદ જીપીઓ પરિસરમાં નવસર્જિત અમદાવાદ હેરિટેજ સિટી ડાક મંડળનો શુભારંભ કરતાં ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું હતું કે, અમદાવાદ જિલ્લામાં ડાક વહીવટી વ્યવસ્થાને વધુ સુવ્યવસ્થિત બનાવવા માટે હવે ત્રણ ડાક મંડળો – અમદાવાદ સિટી, અમદાવાદ હેરિટેજ સિટી અને અમદાવાદ ઉત્કર્ષ કાર્યરત રહેશે. આ ત્રણેય ડાક મંડળોનાં મુખ્ય મથકો અનુક્રમે નવરંગપુરા હેડ પોસ્ટ ઓફિસ, અમદાવાદ જીપીઓ અને ધોળકા પોસ્ટ ઓફિસ બિલ્ડિંગ પરિસરમાં સ્થાપિત કરવામાં આવશે. નવસર્જિત અમદાવાદ હેરિટેજ સિટી ડાક મંડળ હેઠળ અમદાવાદ શહેરના પૂર્વીય વિસ્તારની પોસ્ટલ વ્યવસ્થાનું સંચાલન કરવામાં આવશે. જ્યારે અમદાવાદ ઉત્કર્ષ ડાક મંડળ દ્વારા ગ્રામીણ વિસ્તારોમાં આવેલા સાણંદ, વિરમગામ, માંડલ, ધોળકા, બાવળા, ધંધુકા અને ધોલેરા તાલુકાઓમાં પોસ્ટલ સેવાઓ તથા વહીવટી પ્રવૃત્તિઓનું સંચાલન કરવામાં આવશે. આ વ્યવસ્થાથી શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં પોસ્ટલ સેવાઓના વધુ સારા સંચાલન, દેખરેખ અને મોનિટરિંગમાં સુવિધા રહેશે. પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે વધુમાં જણાવ્યું હતું કે, રાજકોટ પરિક્ષેત્ર હેઠળ અગાઉ સમાવિષ્ટ ભાવનગર અને સુરેન્દ્રનગર ડાક મંડળોનો હવે ઉત્તર ગુજરાત પરિક્ષેત્રમાં સમાવેશ કરવામાં આવતાં આ પરિક્ષેત્રમાં ડાક મંડળોની કુલ સંખ્યા વધીને નવ થશે. આ સાથે ઉત્તર ગુજરાત પરિક્ષેત્ર ગુજરાત સર્કલનું સૌથી મોટું ડાક પરિક્ષેત્ર બનશે. તેમાં અમદાવાદ સિટી, અમદાવાદ હેરિટેજ, અમદાવાદ ઉત્કર્ષ, ગાંધીનગર, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સુરેન્દ્રનગર અને ભાવનગર ડાક મંડળોનો સમાવેશ થશે. આ ઉપરાંત, પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે અમદાવાદના શાહીબાગ સ્થિત સ્પીડ પોસ્ટ ભવન ખાતે નવસર્જિત પોસ્ટમાસ્ટર જનરલ (લોજિસ્ટિક્સ) કચેરીનો પણ શુભારંભ કર્યો હતો. પોસ્ટમાસ્ટર જનરલ (લોજિસ્ટિક્સ) કચેરીનું મુખ્ય ધ્યાન મેઈલ્સ, પાર્સલ અને આંતરરાષ્ટ્રીય મેઈલ્સના વ્યવસ્થાપન તથા વિકાસ પર રહેશે. તે મુજબ, ગુજરાતમાં કાર્યરત તમામ રેલવે મેઈલ સર્વિસ કચેરીઓ, ફોરેન પોસ્ટ ઓફિસ, પરિવહન સેવાઓ તેમજ મેઈલ મોટર સર્વિસ આ કચેરીના વહીવટી નિયંત્રણ હેઠળ કાર્યરત રહેશે. પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું હતું કે, આ પહેલ ગુજરાતમાં પોસ્ટલ સેવાઓના વિસ્તરણ, વધુ સારા વહીવટી સંચાલન અને બદલાતી જરૂરિયાતોને અનુરૂપ આધુનિક, જવાબદાર તથા મજબૂત ડાક નેટવર્કના નિર્માણની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે. ભારત સરકારના "મિનિમમ ગવર્નમેન્ટ, મેક્સિમમ ગવર્નન્સ" ના અભિગમને અનુરૂપ આ પુનર્ગઠનથી વહીવટી સંકલન, દેખરેખ તથા ડાક સેવાઓના અસરકારક સંચાલનને વધુ સુદ્રઢ બનાવવામાં મદદ મળશે. પોસ્ટ વિભાગ હાલમાં પરિવર્તનના એક મહત્વપૂર્ણ તબક્કામાંથી પસાર થઈ રહ્યો છે, જેનો ઉદ્દેશ્ય તેને ગ્રાહક-કેન્દ્રિત, ટેક્નોલોજી આધારિત, કાર્યકારી દૃષ્ટિએ વધુ કાર્યક્ષમ તથા નાણાકીય રીતે આત્મનિર્ભર સંગઠન તરીકે વિકસાવવાનો છે. આ પ્રસંગે પ્રવર ડાક અધિક્ષક શ્રી શિશિર કુમાર, એજીએમ, આઈપીપીબી શ્રી સંદીપ કુમાર, ચીફ મેનેજર શ્રી અભિજિત જીભકાટે, સિનિયર પોસ્ટમાસ્ટર શ્રી વારિસ વહોરા, સહાયક નિદેશક શ્રી અલ્પેશ શાહ, રિતુલ ગાંધી, દર્શન તપસ્વી, સહાયક અધિક્ષક આર. ટી. પરમાર, જગદીશ જીડ, કે એ રોય, આર એ શૈખ, પરાગ વાસનિક, એસ એન ઘોરી, શ્રી બિરંગ શાહ, શ્રી ભાવિન પ્રજાપતિ, ડાક નિરીક્ષક દક્ષેશ ચૌહાણ, વિપુલ ચડોતરા, યોગેન્દ્ર રાઠોડ સહિતના અનેક અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-Capital Offset Plot No L 801/1, Gidc, Sector -28, Gandhinagar •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028